Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTRED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रसहिताः पूजां विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पूज्यचरणाः श्राव्यं च जैनंवच ॥
सच्छीलं परिपाल्नीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્તક ૩૨ મું.] વૈશાખ. સંવત ૧૯૭૨. વીરસંવત ૨૪૪૨ [અંક ૨ જો.

પ્રગટ કર્ત્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ શ્રી દશમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો રીપોર્ટ.
મુખ્તેસર જાણવા યોગ્ય હકીકત. ... ... ... ... ... ૧
પ્રથમ દિવસનું મંગળાચરણને કાર્યક્રમ. ... ... ... ... ૪
બીજે દિવસ—મંગળાચરણ ને પસાર થયેલા ઠરાવો. ... ... ... ૬
ત્રીજે દિવસ—મંગળાચરણ ને પસાર થયેલા ઠરાવો. ... ... ... ૧૪
રીસેપ્શન કમીટીના ચેરમેનનું ભાષણ. ... ... ... ... ૨૬
પ્રમુખ રા. રા. બાલાભાઇ મગનલાલનું ભાષણ. ... ... ... ... ૩૩

ભાવનગર—શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂા. ૦–૪–૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

## ૧ તરતમાં બહાર પડશે (ફોટો માટેજ બાકી છે.)

૧ શ્રી અધ્યાત્મસાર ગ્રન્થ મૂળ, પં. ગંભીરવિજયજી કૃત ટીકાયુકત.
૨ શ્રી અધ્યાત્મસાર ગ્રન્થ, મૂળ-મૂળ ને ટીકાના ભાષાંતર યુકત. (બુકાકારે)
૩ શ્રી યુગાદિદેશના ભાષાંતર. (બંધાય છે)

## ૨ હાલમાં છપાય છે.

૪ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુકત.
૫ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. મોટી ટીકાયુકત.
૬ યંત્ર પૂર્વક કર્મગ્રંથાદિ વિચાર (બુકાકારે)
૭ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ સંસ્કૃત.
૮ શ્રી ત્રિષષ્ટી શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯ (આવૃત્તિ ૨ જી.)
૯ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી. (શીલા છાપ.)
૧૦ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.
(વિરમગામવાળા શા. ચુનીલાલ સાંકળચંદની આર્થિક સહાયથી)
૧૧ શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર.
(શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ રાણપુરવાળાની સહાયથી.)

## ૩. તૈયાર હોવાથી તરતમાં છપાવા શરૂ થશે.

૧૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રન્થ મૂળ (સ્થંભ ૭ થી ૧૨)
(શેઠ હીરાલાલ ગભીરદાસની સહાયથી)
૧૩ શ્રી સપ્તતિકા (છઠ્ઠા કર્મગ્રન્થ) ની ભાષ્ય. ટીકાયુકત.
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.

## તૈયાર થાય છે.

૧૫ શ્રી કર્મપ્રકૃતિ ગ્રન્થ મોટી ટીકાયુકત.
(શ્રી ઠઠર નિવાસી મેતા. હીરાચંદ લક્ષ્મીચંદની સહાયથી)
૧૬ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રન્થ મૂળ (સ્થંભ ૧૩ થી ૨૪)
૧૭ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર (૨૦ હજાર શ્લોકનું)
૧૮ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર (ગુજરાતી ભાષામાં, સ્વતંત્ર લેખ.)
૧૯ શ્રી હિર સૌભાગ્ય મહાકાવ્યનું ભાષાંતર.
૨૦ શ્રી [illegible] રત્નાકર અને [illegible] યુક્ત.
(શ્રી પાલણપુર નિવાસી શા. રણછોડદાસ [illegible]ની સહાયથી)

નંબર ૧૩-૧૪-૧૬-૧૭-૧૮-૧૯ વાળા ગ્રંથો આ બુકે પોતા તરફથી છપાવવાની છે જેથી મદદની ઈચ્છા હોય તેમણે અમને લખવા તસ્દી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सौदर्यं प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकार प्रियसुहत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. વૈશાખ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. અંક ૨ જો.

મુંબઇ ખાતે ભરવામાં આવેલી.

# दशमी श्री जैन श्वेतांबर कोन्फरन्स.

તા. ૨૧-૨૨-૨૩ એપ્રીલ સને ૧૯૧૬. સં. ૧૯૭૨ ના ચૈત્ર વદ ૪-૫-૬.
શુક્ર, શનિ, રવિ.

## फतेहमंदी साथे थयेल त्रणे दिवसनुं कार्य.

કોન્ફરન્સનું મજબુત બંધારણ.

## ઉત્સાહમાં વૃદ્ધિ.

ત્રણ સ્થળોનાં થયેલાં આમંત્રણ.

મુંબઇ ખાતે ભરવામાં આવેલા આ અધિવેશનના સમાચાર અમે ગયા અંકમાં પ્રસિદ્ધ કરેલા છે. તદનુસાર મુંબઇના શ્રી સંઘ તરફના આમંત્રણ પત્રો ઉપરથી અનેક સ્થળેથી ડેલીગેટોની સંખ્યા સુમારે ૭૦૦ લગભગ ચુંટાઈને આવી હતી, પરંતુ ' મુંબઈ શહેરની અંદર પ્લેગ ચાલે છે ' એવી અફવા ચોતરફ ફેલાઇ જવાથી બહાર ગામથી ચુંટાયા કરતાં અરધી સંખ્યા મુંબઇ ખાતે આવી હતી. મુંબઇ શહેર પરદેશીઓનુંજ નિવાસસ્થાન હોવાથી ત્યાંના રીસેપ્શન કમીટીના ગૃહસ્થો અને ડેલીગેટો પણ ખરી રીતે બહાર ગામનાજ ગણવા લાયક હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડેલીગેટોની એકંદર સંખ્યા ૭૦૦ લગભગ થઇ હતી. પ્રેક્ષકો ( વિઝીટરો ) ની ફી રૂ. ૨) રાખવામાં આવી હતી, તેની સંખ્યા પણ સારી હતી. વોલંટીયરો ૨૫૦ ઉપરાંત હતા અને તેઓ સારી રીતે શ્રી સંઘની સેવા બજાવતા હતા. તેમની ફી રૂ. ૧) ઠરાવવામાં આવી હતી. લેડી વીઝીટરની ફી રૂ. ૧) ઠરાવ્યો હતો. તેને માટે ખાસ બેઠક રાખવામાં આવી હતી, તે સંખ્યા પણ સારી હતી. મંડપ માધવબાગની અંદર એક સુશોભિત બાંધેલા મકાનને લગતોજ બાંધેલો હોવાથી તેની તદ્દન સાદાઇ છતાં શોભા બહુ સારી આવી હતી. મંડપની ઉંચાઇ ૨૮ ફુટની લીધેલી હોવાથી ગરમીના દિવસો છતાં અંદર બેઠેલાઓને તેનો અનુભવ કરવો પડતો નહોતો. સ્ટેજની ગોઠવણ સારી હતી. વક્તાઓને માટે કરેલ ગોઠવણ દર વખત કરતાં વધારે અનુકૂળ હતી. તે મંડપની મધ્યમાં હોવાથી સ્ટેજ ઉપર અને ફરતું સર્વત્ર વક્તાઓનું ભાષણ બરાબર સાંભળી શકાતું હતું. ઉતારાની ગોઠવણ જુદા જુદા ચાર મકાનોમાં ઉતારા ને ભોજન કમીટીએ કરી હતી, પરંતુ માત્ર એક જગ્યાજ ઉપયોગમાં લેવામાં આવી હતી. શ્રી સંઘને ઉતારે ડેલીગેટો સોની અંદર ઉતરેલા હતા. પ્રમુખ સાહેબનો ઉતારો ગીરગામ ઉપર ચીનાબાગમાં રાખવામાં આવ્યો હતો મંડપ બહારકોટના મધ્યબિંદુમાં આવેલો હોવાથી ગાડીભાડાના ખર્ચમાં ઘણો બચાવ થયો હતો. ડેલીગેટોની બહોળી સંખ્યા ચાલીનેજ આવતી હતી. બેઠક ખુરશીની રાખવામાં આવી હતી. ગોઠવણ ૪૦૦૦ ખુરશીની હતી, પરંતુ એકંદર ૩૦૦૦ ખુરશીઓ ઉપયોગમાં લેવાણી હતી.

આ વખતની રીસેપ્શન કમીટીએ ઓછે ખર્ચે કોન્ફરન્સ ભરવાની ગોઠવણને મુખ્ય જેવા બગીચા શહેરમાંજ મકાનમાં મૂકવાનું મુકરર કરેલું હોવાથી દરેક બાબતમાં સમુચિત રીતે ખર્ચ કરવામાં આવ્યો હતો. રીસેપ્શન કમીટીના મેમ્બરોની ફી રૂ. ૧૦) રાખેલ હોવાથી અને તેમાં પણ ૧૦-૧૨ ગૃહસ્થોએ સો સો રૂપીઆ, ૧૦-૧૨ ગૃહસ્થોએ પચાસ પચાસ રૂપીઆ ને કેટલાએક ગૃહસ્થોએ પચીશ પચીશ રૂપીઆ આપેલા હોવાથી તે રકમ સારી ઉપજી હતી. છેવટનો હીસાબ હજુ સુધી બહાર પડ્યો નથી, પરંતુ અંદાજ ઉપજ સાત હજારની અને ખર્ચ પાંચ હજારનો ગણવામાં આવે છે. આ સંબંધમાં આ વખતના વ્યવસ્થાપકોને ખરેખરો ધન્યવાદ ઘટે છે. એજ પ્રમાણે સબજેક્ટ્સ કમીટીની નીમનોકના સંબંધમાં પણ આ વખત બહુ સારો દાખલો બેસાડ્યો છે.

પ્રમુખ સાહેબ તા. ૨૦ મીની સવારના ચર્ચગેટ સ્ટેશને પોતાના પુત્રો અને સ્નેહીઓ સહિત ઉતર્યા હતા. સુમારે ૫૦૦ ગૃહસ્થો સ્ટેશનપર સામે આવ્યા હતા. તેની અંદર દેશાંતરની પાઘડીઓ દેખાવ આપતી હતી. શાંત ચહેરે સર્વે ગૃહસ્થોએ મળીને તેમજ સત્કારસૂચક હારતોરાનો સ્વીકાર કરીને પ્રમુખ સાહેબ જોડીની ગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીમાં બીરાજ્યા હતા. પ્રોસેશનની અંદર બાકીના તમામ ગૃહસ્થો મોટરમાં અને ઘોડાગાડીઓમાં બેસી પ્રમુખની ગાડીની પાછળ ચાલતા હતા. પ્રારંભમાં વોલંટીયર કમીટીના પ્રમુખ શેઠ નરોત્તમદાસ ભાણજીની મોટર ચાલતી હતી. તેની પાછળ તેનું આખું લશ્કર–તમામ વોલંટીયરો એક સરખા ડ્રેસમાં નિયમિત રીતે ચાલતા હતા. તેમની પાછળ જનરલ સુપરવાઇઝર ઝવેરી લાલભાઈ કલ્યાણભાઇ અને ઝવેરી મોહનલાલ હેમચંદની મોટર ચાલતી હતી. તેઓ પ્રથમ કરેલી ગોઠવણ અનુસાર જ્યાં જ્યાં હાર પહેરાવવાના હોય ત્યાં ત્યાં પ્રમુખ સાહેબની ગાડી ઉભી રખાવતા હતા. પ્રમુખ સાહેબની ગાડીને લગતી રીપોર્ટરોની મોટોર ચાલતી હતી. અનેક પ્રકારના મંગળિકકારી જયધ્વનિ સાથે પ્રોસેશન ધીમું ધીમું આગળ વધતું હતું. શરાફબજારમાં પ્રોસેશન આવતાં પ્રમુખ સાહેબે ગાડીમાંથી ઉતરી જિનદર્શનનો લાભ લીધો હતો. આ પ્રમાણે ચાલતાં સુમારે બે કલાકે ચીનાબાગ પહોંચ્યા હતા. ત્યાં સર્વે ગૃહસ્થોને મળીને પ્રમુખ સાહેબે રજા આપી હતી.

પ્રમુખ સાહેબ બહુજ શાંત અને દીર્ઘ દૃષ્ટિવાન તેમજ પૂર્ણ અનુભવી હોવાથી ત્રણે દિવસનું કાર્ય બહુ સારી રીતે ચાલ્યું હતું. સબજેક્ટ્સ કમીટીની અંદર બીજે દિવસે કેટલોક મતભેદ થયો હતો, પરંતુ તેને પરિણામે કિંચિત્ પણ વિરોધ ઉત્પન્ન થયા શિવાય ત્રીજા દિવસનું કાર્ય ઘણા આનંદ સાથે ચાલ્યું હતું અને આમંત્રણ તથા ફંડવૃદ્ધિના પ્રસંગે દરેક ગૃહસ્થના મુખારવિંદ હર્ષિત દેખાતા હતા. આ બધો કાર્યકર્તાઓ સાથે પ્રમુખ સાહેબની દીર્ઘદૃષ્ટિનો અને બહોળા અનુભવનો જ પ્રભાવ હતો.

આ વખત પ્રમુખ તરીકેની નીમનોક કરવાના પ્રારંભમાં કોઇ પણ વિદ્વાન્ પ્રમુખ શોધવાની જે ધારણા હતી તેનો અમલ થયેલો હતો અને વિદ્વાન્ હોવા સાથે રા. રા. બાલાભાઇ શ્રીમાન્ પણ હોવાથી એ પદને તેઓ સાહેબ સારી રીતે શોભાવી શક્યા હતા. તેઓ સાહેબે કોન્ફરન્સ નીભાવ ફંડમાં, કેળવણી ફંડમાં, સુકૃત ભંડારમાં અને બીજા ખાતાઓમાં સારી રકમ આપી છે. ઉપરાંત દરેક વોલંટીયરોને રૂપાના ચાંદ આપવાના સંબંધમાં પણ પાંચસો છસો રૂપીયાનો વ્યય કર્યો છે. ચાંદ તાકીદે તૈયાર કરાવેલા હોવાથી પોતાને હાથે જ આપવામાં આવ્યા છે.

ખાસ કરીને બહુ દિવસથી કોન્ફરન્સના નેતાઓનો વિચાર કોન્ફરન્સની અંદર કેળવણીના વિષયનેજ અગત્યતા આપવાનો હતો, તેથી આ વખતે ઠરાવો ઘણા તે વિષયને લગતાજ રાખેલા છે. તદુપરાંત કોન્ફરન્સના બંધારણનો ઠરાવ ખાસ જરૂરનો હોવાથી તે લેવામાં આવ્યો છે, અને બીજા બે ત્રણ ઠરાવો છેવટના પાછલા ઠરાવોની પુષ્ટિવાળા ઠરાવમાંજ મૂકવાના હતા, પરંતુ જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાના સાધનવાળો ઠરાવ, જૈનોમાં મૃત્યુ પ્રમાણ વધારે છે તે અટકાવવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાય સૂચવવા માટે નીમવામાં આવેલી કમીટીના રીપોર્ટ ઉપરથી કરવાની જરૂરીયાત હોવાથી જુદો લેવો પડ્યો છે, બીજા બે ઠરાવો જીવદયા પ્રસારક ફંડવાળાના તેમજ હીસાબ તપાસનાર કમીટીના આગ્રહથી કરવા પડ્યા છે, પરંતુ હવે બનતા સુધી માત્ર કેળવણીના વિષયનેજ હાથ ધરવાનું ઠરેલું છે.

આ કોન્ફરન્સને ફતેહમંદ કરવામાં મુખ્ય પ્રયાસ શેઠ કલ્યાણચંદ સોભાગચંદ, મોતીલાલ મુળજી, દેવકરણભાઈ મુળજી, નરોત્તમદાસ ભાણજી, રતનચંદ તલકચંદ માસ્તર, મકનજી જુઠાભાઇ ( બારીસ્ટર ), મોતીચંદ ગીરધરલાલ ( સોલીસીટર), ઝવેરી લાલભાઈ કલ્યાણભાઈ અને મોહનલાલ હેમચંદ વિગેરેનો હતો. ખર્ચને માટે પણ તે ગૃહસ્થોએ હામ ભીડી હતી અને ટુંકા દિવસમાં કામ કરવાનું હોવાથી ખંતપુર્વક અહર્નિશ કાર્યતત્પર રહ્યા હતા. મુંબઇના સંઘના અન્ય આગેવાન શેઠીઆઓએ પણ હાજરીથી અને દ્રવ્યવ્યયથી આ અધિવેશનને ફતેહમંદ કરવામાં યોગ્ય ફાળો આપ્યો હતો. દરેક પ્રકારની શાંતિ જાળવવામાં રા. રા. લખમશી હીરજી મૈસરી તથા શેઠ શાંતિદાસ આશકરણે સારો ભાગ લીધો હતો.

આ પ્રસંગને અનુસરતો શ્રી જૈન મહિલા સમાજનો મેળાવડો પણ ચોથે દિવસે બહુ આનંદ સાથે કરવામાં આવ્યો હતો. તેની અંદર ઘણી મોટી સંખ્યામાં સ્ત્રીવર્ગે લાભ લીધો હતો અને ઘણી ફતેહમંદી સાથે ઉપયુક્ત ભાષણોપૂર્વક છ ઠરાવો પસાર કર્યા હતા.

પ્રમુખસાહેબના માનમાં **શ્રી માંગરોળ જૈન સભા** તથા **શ્રી મહાવીર વિદ્યાલય** તરફથી ત્રીજા દિવસની રાત્રે મંડપમાંજ મેળાવડો કરવામાં આવ્યો હતો અને **જૈન એસોસીએશન ઓફ ઇંડીઆ** તરફથી ચોથે દિવસે ઘણા મોટા ખર્ચે ગાર્ડનપાર્ટી આપવામાં આવી હતી. વોલંટીયર કમીટીના પ્રમુખ **શેઠ નરોત્તમદાસ ભાણજીને** વોલંટીયરો તરફથી પ્રમુખસાહેબને હાથે માનપત્ર આપવાનો મેળાવડો ચોથા દિવસે સાંજે મંડપમાંજ કરવામાં આવ્યો હતો અને તે રાત્રેજ પ્રમુખસાહેબ ઘણા આનંદ સાથે વડોદરે પધાર્યા હતા.

ત્રણે દિવસની સામાન્ય હકીકત રોશન કરીને હવે ત્રણે દિવસમાં થયેલ કાર્ય આ નીચે પૃથક્ પૃથક્ બતાવવામાં આવે છે.

## પ્રથમ દિવસ.

ચૈત્ર વદિ ૪ શુક્રવાર—તા. ૨૧–૪–૧૬

### પ્રારંભનું મંગળાચરણ.

### સંઘ ભક્તિ—સંઘને સ્વાગત.

यत्कृतेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यवत् ।
चक्रित्वं त्रिदशेंद्रतादितृणवत् प्रासंगिकं गीयते ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः ।
संघः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥

## મંગલાચરણ ( વીરસ્તુતિ )

રાગ કલ્યાણ.

જય જય જય શ્રી મહાવીર સ્વામી ! જૈન પ્રજાનો ઉદય થયો છે,
ઘોર નિશા અવિદ્યાની વામી—જય૦
વિદ્યા પ્રસારવા સંઘ મળ્યો છે, વીર થજો બહુ વિદ્યા પામી—જય૦
તુજ પાલવ તુજ શરણું ગ્રહ્યું છે, નિશ્ચય છે તો નહિ રહે ખામી—જય૦
સદ્ બુદ્ધિમાં સહુ જન વિચરો, કરિયે વંદન અમ શિરનામી—જય૦

## સ્વાગત ( WEL COME )

( રાગ—પહાડી છાયા લગતો, તાલ કેરબા. )

( ન કર રે હો ! કાળી કોયલડી ટહુકાર—એ લયમાં )

પધારો પધારો, વીર પ્રભુનાં બાળ, વીર પ્રભુનાં બાળ, તમે શાસનનાં રખવાળ-પધારો૦
તમ દર્શને હર્ષ થયો છે, ઉલ્લાસ ઉરે પ્રગટ્યો છે, વધાવીએ મોતીના ભરી થાળ-પધારો૦
કરી સંપ જંપ ફેલાવો, વીર શાસન દિવ્ય દિપાવો, તમે પ્રેમ દયા પ્રતિપાળ-પધારો૦
જયનાં દુંદુભિ વાગે, સંશય ભીતિ સૌ ભાગે, વીર ! પહેરો વિજયની માળ-પધારો૦

ઉપર પ્રમાણે મંગળાચરણ થઈ રહ્યા બાદ ચીફ સેક્રેટરી **મી. મકનજી જુઠાભાઇએ** શ્રી સંઘની આમંત્રણપત્રિકા વાંચી બતાવી હતી. ત્યારબાદ રીસેપ્શન કમીટીના પ્રમુખ **શેઠ કલ્યાણચંદ સોભાગચંદે** ડેલીગેટો વિગેરેને સ્વાગત સૂચવનારૂં ભાષણ વાંચી સંભળાવ્યું હતું. ( આ ભાષણ આ અંકમાંજ પાછળ આપવામાં આવ્યું છે. )

ત્યારબાદ આ અધિવેશનના પ્રમુખ તરીકે નીમાયલા **રા. રા. બાલાભાઈ મગનલાલ નાણાવટી** એલ. એમ. એન્ડ એસ. ની રીતસરની ચુંટણી કરવા માટે શેઠ રતનચંદ તલકચંદે દરખાસ્ત કરતાં ઘણું લંબાણ ભાષણ કરીને પ્રમુખ સાહેબની એમના સત્કૃત્યોના વર્ણન વડે ઓળખાણ પાડી હતી. તેમની દરખાસ્તને ડા. જમનાદાસ પ્રેમચંદ, શા. કુંવરજી આણંદજી, રા. રા. લખમશી હીરજી મૈસરી, શેઠ દામોદર બાપુશા એવલાકર, બાબુ દયાળચંદજી આગ્રાવાળા અને રા. રા. ગુલાબચંદજી ઢઢાએ અનુમોદન આપ્યું હતું. ત્યારબાદ પ્રમુખ સાહેબે તાળીઓના અવાજ વચ્ચે પોતાનું સ્થાન લીધું હતું. મંડપની અંદર શેઠ કસ્તુરભાઈ મણિભાઈ ( અમદાવાદના નગરશેઠ ), શેઠ રતનચંદ ખીમચંદ ( મુંબઈના સંઘપતિ ), વકીલ હરીલાલ મંછારામ, શેઠ નગીનદાસ ઝવેરચંદ, શેઠ કીકાભાઈ પ્રેમચંદ, શેઠ હીરાચંદ નેમચંદ, શેઠ મણિલાઈ ગોકળભાઈ, શેઠ દલસુખભાઈ વાડીલાલ, શેઠ પુનમચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરમચંદ કોટાવાળા વિગેરે અનેક ગૃહસ્થો બીરાજમાન થયેલા હોવાથી કોન્ફરન્સનું મહત્વ સર્વ પ્રેક્ષકોના હૃદયમાં આનંદ ઉત્પન્ન કરતું હતું.

પ્રમુખે પ્રમુખસ્થાન લીધા બાદ કોન્ફરન્સ તરફ સંમતિ દર્શાવનારા પત્રો અને તારો આવેલા તે ગુલાબચંદજી ઢઢાએ વાંચી બતાવ્યા હતા. ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાનું ભાષણ ઘણુંજ શાંત રીતે સર્વે સાંભળી શકે તેવા મધ્ય સ્વરથી સાદ્યંત વાંચી સંભળાવ્યું હતું. જે સાંભળી સર્વે શ્રોતાઓ બહુજ પ્રસન્ન થયા હતા અને ભાષણની સર્વત્ર પ્રશંસા થઈ રહી હતી. ( જે ભાષણ આ અંકમાંજ પાછળ આપવામાં આવ્યું છે. )

ત્યારપછી કોન્ફરન્સના જનરલ સેક્રેટરી ગુલાબચંદજી ઢઢાએ કોન્ફરન્સે આજસુધી કરી બતાવેલ કાર્યનું એવી સુંદર ભાષામાં વિવેચન કરી બતાવ્યું હતું કે જેથી સર્વના દિલ તે તરફ આકર્ષાયા હતા.

ત્યારબાદ આ વખતના ડ્રાફ્ટ રેઝોલ્યુશનમાં સબજેક્ટ્સ કમીટી માટે જે સંખ્યા બતાવવામાં આવી છે, તે પ્રમાણે ચુંટણી થવી શક્ય છે કે કેમ ? તેની ખાત્રી થવા માટે તે વિભાગ આ વખતેજ અમલમાં મૂકવામાં આવ્યો હતો અને તેમાં બતાવેલી સંખ્યા પ્રમાણે ચુંટણી કરવાનું દરેક વિભાગવાળાને જાહેર કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પહેલા દિવસનું કાર્ય સમાપ્ત થયું હતું. સબજેક્ટ્સ કમીટીની ચુંટણી કરીને દરેક વિભાગવાળાએ ઠરાવ પ્રમાણે એક કલાકની અંદર નામો રજુ કર્યા હતા. રીસેપ્શન કમીટીની અંદરના ૨૫ નામો તો આગલે દિવસે ચુંટાયેલા હતા. તે ચુંટણી પ્રમાણે સબજેક્ટ્સ કમીટીના પાસ આપવામાં આવ્યા હતા અને રાત્રે ૮ કલાકે મંડપની પાસેનાજ મકાનમાં સબજેક્ટ્સ કમીટીએ મળીને એક મતે ૧૨ ઠરાવો પસાર કર્યા હતા.

## બીજો દિવસ.

તા. ૨૨ એપ્રિલ ૧૯૧૬, વીર સંવત્ ૨૪૪૨ ચૈત્ર વદ ૫ શનિવાર.

### સંઘ–સેવા.

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्त्तिस्तमालिंगति ।
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कंठया ॥
स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते ।
यः संघं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હૃદય–ઉલ્લાસ.

(રાગ–હોરી.)

આજનો દિન આનંદકારી, સુખકારીરે......................આજનો૦
સ્થળ સ્થળના સંઘો મળિયા છે, કોમતણું હિત ધારી,
જ્યાં ત્યાં છે અંધકાર રહેલો, મૂળથી તેને વિદારી;
કરો જ્યોતિ જ્ઞાન પ્રસારી— આજનો૦
આ પરિષદ્થી લાભ થયા છે, વિશેષ થવાની તૈયારી,
આપ સહુની પુષ્ટ મદદથી, શંકા બીક નિવારી;
લઇશું અમે લ્હાવો ભારી— આજનો૦
મારૂં તારૂં મમતા મૂકી, ઐક્ય હૃદયમાં ધારી,
ધારા સુધારા કરજો સારા, સહુના મત સુવિચારી;
વિનતિ એ નમ્ર અમારી— આજનો૦

## આનંદોત્સવ.

(રાગ–બિભાસ, ઝૂલણા છંદની ચાલ.)

વિજય આજે થયો વીર શાસનતણો, ગગન જય નાદથી તો ગજાવો;
ભવ્ય ભારતતણા ધર્મવીરો મળ્યા, કુસુમ કરમાં ધરીને વધાવો. વિજય૦ ૧
તિલક કુમકુમ કરો કેશરી ભાલમાં, વિજયમાલા ધરો કંઠ આજે;
સ્મરણ સ્નેહે કરો પંચ પરમેષ્ઠિનું, થાય શુભ પ્રેરણા આ સમાજે. વિજય૦ ૨
વીરના બાળની હૃદય આશાલતા, આજ પલ્લવ ધરી પૂર્ણ ફળશે;
ભાગ્યના ભાનુનો ઉદય આજે થશે, જ્ઞાનનાં સાધનો સર્વ મલશે. વિજય૦ ૩
ઉર્મિઓ ઉઠશે આજ ઔદાર્યની, ઝળકશે જૈનની જ્યોત પૂરી;
સ્હાય સાધર્મિઓ પૂર્ણ સૌ પામશે, અવરઆશા રહે નહિ અધૂરી. વિજય૦ ૪
વિશ્વ વિદ્યાલયે વીરનાં બાલકો, વિપુલતાથી વધે વેગ પામી;
પૂર્ણ વ્યાપાર ઉદ્યોગ ખીલે અતિ, આજ એ ભાવના પૂર્ણ જામી. વિજય૦ ૫
કુરિવાજોતણું ઘોર વાદળ ચડ્યું, કોમ આવી પડી અંધકારે;
સમિર આજે સુધારા તણો છૂટશે, અધિક ઉદ્યોતને જે પ્રસારે. વિજય૦ ૬

મંગળાચરણ થઇ રહ્યા બાદ ગઇ રાત્રે પસાર કરેલા ૧૨ ઠરાવો પૈકી નીચે જણાવેલા ૮ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

## ઠરાવ પહેલો. રાજનિષ્ઠા (Loyalty)

હિંદના નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ પ્રત્યે આ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ પોતાની અંતઃકરણપૂર્વક ભક્તિ અને રાજનિષ્ઠા જાહેર કરે છે અને હાલની મહાન લડાઇમાં બલપર નીતિનો વિજય થઇ સર્વત્ર સુખ શાંતિ પ્રસરો અને હિંદને ઉચ્ચ પદ મળો એમ ઇચ્છે છે. આ ઠરાવની નકલ મુંબઈ સરકાર દ્વારા મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવે છે. (પ્રમુખ તરફથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૨ જો. ધાર્મિક શિક્ષણ ( Religion Education )

ધાર્મિક સંસ્કાર વગરની કોઈપણ જાતની કેલવણી નકામી છે અને હાલ જડવાદનો નિરંકુશ પવન જોસભેર ફેલાય છે, તેવા સમયમાં દરેક જૈને ધર્મનું તત્ત્વજ્ઞાન જાણવાની જરૂર છે તેમજ પોતાના કુટુંબમાં અને સમાજમાં ધાર્મિક શિક્ષણનો પ્રસાર કરવાની પણ જરૂર છે તે માટે,

( ૧ ) દરેક સંઘે પોતાના ગામ યા શહેરમાં બાળકો અને બાળાઓ ધાર્મિક શિક્ષણ સહેલાઇથી અને સંગીન રીતે લે તે માટે સુવ્યવસ્થિત જૈનશાળા–કન્યાશાળા સ્થાપવાની અને વિદ્યમાન શાળાઓને સંગીન પાયાપર મૂકવાની જરૂર છે.

( ૨ ) આવી સર્વ જૈનશાળાઓમાં વ્યવસ્થિત શિક્ષણ માટે તેમાં ચલાવવાનાં પુસ્તકો ( ટેક્ષ્ટબુકો ) અને વાંચનમાળા સહેલી ભાષામાં સ્પષ્ટ અર્થ સાથે ઓછી મહેનતે શિખવી શકાય તેવી હાલની શિક્ષણ પદ્ધતિએ રચી તૈયાર કરાવવાની અને તેમાં એક જાતનો ( Uniform ) અભ્યાસક્રમ ઘડી તૈયાર કરવાની જરૂર છે, તો તેવો પ્રબંધ કરવાની જૈન એજ્યુકેશન બોર્ડને ભલામણ કરવામાં આવે છે.

( ૩ ) દરેક જૈનશાળામાં તથા વિદ્યાલયમાં બને ત્યાં સુધી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન આપવાનું અને ધાર્મિક પુસ્તકાલય રાખવાનું આવશ્યક છે એ પર તેના કાર્યવાહકોનું લક્ષ ખેંચવામાં આવે છે.

( ૪ ) ધાર્મિક શિક્ષકો અને શિક્ષિકાઓ તૈયાર થાય તે માટે ઉચ્ચ સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું ધાર્મિક જ્ઞાન જૈન યુવકો અને સ્ત્રીઓને આપવાની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે.

દરખાસ્ત મૂકનાર—શેઠ કુંવરજી આણંદજી (ભાવનગર)
ટેકો આપનાર—પંડિત વ્રજલાલજી (અમૃતસર)
વિશેષ અનુમોદન—રા. વીરજી ગંગાજર (મુંબઇ)

## ઠરાવ ૩ જો. જૈન એજ્યુકેશન બોર્ડનું કાર્ય ( Function of Jain Education Board )

કેળવણી સંબંધી સર્વ કાર્ય કરવા માટે પુના કોન્ફરન્સ વખતે નિમાયેલી જૈન એજ્યુકેશન બોર્ડે જે કાર્ય આજદિવસ સુધી કર્યું છે તે માટે આ કોન્ફરન્સ પોતાનો સંતોષ જાહેર કરે છે અને એવીજ બોર્ડ તેના બંધારણ સહિત નીચેના ગૃહસ્થોની ( તેની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે ) નીમે છે અને તે બોર્ડને આ ઠરાવમાં જણાવેલ કાર્યો કરવા સત્તા આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્થાનિક મેંબરો.*

શેઠ કલ્યાણચંદ સોભાગચંદ.
રા. રા. લખમશી હીરજી મૈસરી બી. એ. એલ. એલ. બી.
,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલીસીટર.
,, મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ. એલ. એલ. બી.
,, મકનજી જુઠાભાઇ મ્હેતા, બારીસ્ટર.

શેઠ ગુલાબચંદ દેવચંદ.
,, મોહનલાલ હેમચંદ.
,, નરોત્તમદાસ ભાણજી.
રા. રા. વેલજી આણંદજી મૈસરી બી. એ. એલ. એલ. બી.
,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. બી. એ.
,, પુનશી હીરજી મૈસરી એલ. એમ. એન્ડ એસ.
શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.
,, રતનચંદ તલકચંદ માસ્તર.
,, દેવકરણ મુળજી.

શેઠ દલસુખભાઇ વાડીલાલ.
,, ચુનીલાલ નહાનચંદ.
,, ચુનીલાલ વીરચંદ.
,, મુળચંદ હીરજી.
,, હીરાચંદ વસનજી.
,, હીરજી ઘેલાભાઇ દેવરાજ.
,, શામજી લધા.
,, કાનજી રવજી.
,, મણીલાલ સુરજમલ.
,, રવજી સોજપાળ.

## બહારગામના મેંબરો.

ડૉ. બાલાભાઈ મગનલાલ નાણાવટી–વડોદરા.
ઝવેરી લાલભાઈ કલ્યાણભાઈ–વડોદરા.
રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. જયપુર.
,, મનસુખલાલ કીરતચંદ મહેતા–મોરબી.
,, કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી.–અમદાવાદ.
શેઠ પેર્ણીચંદ સુરચંદ–મહેસાણા.
રા. રા. મણીલાલ નથુભાઈ દોશી બી. એ.–અમદાવાદ.
,, દામોદર બાપુશા–ચેવલા.
શેઠ કુંવરજી આણંદજી–ભાવનગર.
બાબુ રાયકુમારસિંહજી–કલકત્તા.
,, પુરણચંદજી નાહર–આજીમગંજ.
રા. રા. ડાહ્યાભાઇ હુકમચંદ–ધંધુકા.
,, ગુલાબચંદ વાઘજી–વઢવાણ.
,, જગજીવન મુળજી બનીયા બી. એ. બી. એસ. સી–જામનગર.
,, સાંકળચંદ નારણજી શાહ બી. એ. એલ. એલ. બી.–જામનગર.
રા. રા. દેવચંદ ઉત્તમચંદ પારેખ એમ. એ. જૂનાગઢ.

* કેટલાક મેમ્બરોના નામ પાછળથી વધારવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ સોભાગભાઇ ભાઈલાલ ડી. બી.—ખેડા.
રા. રા. છોટાલાલ ત્રીકમલાલ પારેખ ડી. બી.—ખેડા.
,, ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી. આદરા.
શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા—પાટણ.
,, મનસુખલાલ દોલતચંદ ઝવેરી—રંગુન.
,, ચુનીલાલ છગનલાલ સોફ—સુરત.
,. બાલચંદ હીરાચંદ—માલેગામ.
,, છગનલાલ ગણપત—પુના.
,, જીવાભાઈ વાડીલાલ—પાટણ.
રા. રા. સુરચંદ પુરૂષોત્તમ બદામી, જજ, વલસાડ.
શેઠ ધરમચંદ ચેલજીભાઈ કોઠારી—પાલણપુર.
,, હરજીવનદાસ દીપચંદ—રાધનપુર.
,, ગુલાબચંદ આણંદજી—ભાવનગર.

શેઠ પનેચંદજી સંઘી—સુગનગઢ.
,, પુનમચંદજી સાવનસુખા—બીકાનેર.
,, હીરાચંદજી સચેતી—અજમેર.
,, ધનરાજજી કાંસટીઆ—અજમેર.
,, રતનલાલજી ઢઠ્ઠા—બીકાનેર.
,, દલેલસીંઘજી જોહુરી—દીલ્હી.
,, જવાહુરલાલજી જૈની—સીકંદરાબાદ.

શેઠ ગંગારામ ભાવડા—અંબાલા.
,, દયાલચંદજી જોહુરી—આગ્રા.
,, ચુનીલાલજી ભાવડા—અમૃતસર.
,, દોલતરામ જૈની—હોશીઆરપુર.
,, કલુશા કનૈયાલાલ—ગુજરાનવાલા.
,, બેલીરામ બલદેવદાસ—સુલતાન.

રા. રા. ગોપીચંદજી બી. એ. એલ. એલ. બી.—અંબાલા.
,, વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ એમ. એ.—જુનાગઢ.

કાર્યો—(૧) જૈનોમાં હસ્તી ધરાવતી ધાર્મિક તેમજ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓ સંબંધે વિગતવાર હકીકત મેળવવી અને તે સારા પાયાપર મૂકાય તેવા પ્રયાસો કરવા.

(૨) દરેક ધાર્મિક પાઠશાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે તેવી ગોઠવણ કરવી.

(૩) જૈન વાંચનમાલા તૈયાર કરવી.

(૪) જીવવિચાર, નવતત્ત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહિણી, કર્મગ્રંથ તેમજ પ્રતિક્રમણાદિ પુસ્તકો સરલ અર્થ સહિત હાલની શિક્ષણપદ્ધતિપર તૈયાર કરવાં યા કરાવવાં.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણે એકજ જાતનો અભ્યાસક્રમ જે જે શાળામાં ચાલે તેની વાર્ષિક પરીક્ષા એકી વખતે લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) તેવી વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર (સર્ટીફિકેટ) ઈનામો વગેરે આપવાં.

(૭) ગરીબ તથા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યવહારિક શિક્ષણ લેવા માટે સ્કોલરશીપો તથા પુસ્તક ફી વગેરેની મદદ આપવી.

(૮) આવા વિદ્યાર્થીઓને જે જે સ્થળે જૈન બોર્ડિંગ હોય તેમાં દાખલ કરાવવા પ્રયત્ન કરવો.

(૯) જૈન તીર્થસ્થળો વગેરેમાંથી જૈનોને આપવાની પહોંચની બુકમાં જૈન કેળવણી માટેનું એક જૂદું કોલમ રાખવા માટે પ્રયત્ન કરવો તેમજ બીજી અનેક રીતે કેળવણીનું ફંડ એકઠું કરવા પ્રયાસ કરવા.

દરખાસ્ત મૂકનાર–વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. (મુંબઇ)
ટેકો આપનાર–રા. રા. બાલચંદ હીરાચંદ (માલેગામ)
વિશેષ અનુમોદન–રા. રા. લહેરૂભાઇ ચુનીલાલ (પાટણ)

## ઠરાવ ૪ થો–જૈન સાહિત્ય પ્રસાર ( Spread of Jaina Literature )

(૧) જૈન આગમો પ્રસિદ્ધ કરાવવા તથા જૈન સાહિત્યનો ફેલાવો કરવા આપણા જે જે પૂજ્ય મુનિ મહારાજો પ્રયત્ન કરે છે તેને માટે આ કોન્ફરન્સ તેઓશ્રીનો આભાર માને છે અને તેવો પ્રયત્ન ચાલુ રાખવા વિનંતિ કરે છે.

(૨) જૈન સાહિત્યના પ્રચાર માટે જે જે પુસ્તક પ્રકાશક સંસ્થાઓ અને ગૃહસ્થો પ્રયાસ કરે છે તેનાં કાર્યની આ કોન્ફરન્સ કદર કરે છે અને તેમને ધન્યવાદ આપે છે.

(૩) પાટણ, જેસલમીર, ખંભાત, અમદાવાદ, લીંબડી વગેરે સ્થળે આવેલાં પ્રાચીન જૈન ભંડારોમાંથી અલભ્ય અને ઉપયોગી પુસ્તકોની નવી પ્રત લખાવવાની તથા તેને મુદ્રિત કરાવવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે અને નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારને પાટણમાં આવેલા આપણા અમૂલ્ય ભંડારોમાંનાં પુસ્તકોનો તેમની આજ્ઞાનુસાર કરવામાં આવેલો રિપોર્ટ તથા તેમાંના જીર્ણ અલભ્ય ગ્રંથો છપાવી બહાર પાડવા અથવા તેવા ગ્રંથોની નકલ કરાવી લેવા આ કોન્ફરન્સ નમ્રતાપૂર્વક વિનંતિ કરે છે અને જૈન સાહિત્યના પ્રચાર અર્થે તે નામદારશ્રીએ જે ઉમદા કામ અત્યાર સુધીમાં કરેલું છે તેને માટે તેઓશ્રીનો આ કોન્ફરન્સ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

દરખાસ્ત મૂકનાર—રા. ચુનીલાલ છગનચંદ શ્રોફ (સુરત)
ટેકો આપનાર—રા. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા બી. એ. (મુંબઇ)
વિશેષ અનુમોદન—પંડિત હંસરાજજી (અમૃતસર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠરાવ ૫ મો—માગધી ભાષાનો ઉદ્ધાર ( Resuscitation of Magadhi Language )

આપણાં શાસ્ત્રોની ભાષા માગધી ( પ્રાકૃત ) હોવાથી તે યથાર્થ સમજી શકાય તે માટે તેને સજીવન રાખવાની અતિ આવશ્યકતા છે માટે

(૧) માગધી ભાષાનો સરલ અભ્યાસ થઇ શકે તેને માટે માગધી ( પ્રાકૃત ) ભાષાનો કોષ તૈયાર કરાવવા તમામ જૈનોનું લક્ષ આ કોન્ફરન્સ ખેંચે છે, તથા

(૨) માગધી ભાષાનું સંપૂર્ણ વ્યાકરણ સરલ પદ્ધતિએ તૈયાર કરવાની અતિ જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે અને આ બાબતમાં જે પ્રયાસ અત્યાર સુધીમાં થયો છે તેને માટે ધન્યવાદ આપી તે દિશામાં વધારે પ્રયાસ કરવા ખાસ ભલામણ કરે છે.

(૩) જૈનો હસ્તક ચાલતી સંસ્કૃત પાઠશાળાઓમાં તેમજ ઉંચી જૈન ધાર્મિક શાળાઓમાં માગધી ભાષાનું ખાસ શિક્ષણ આપવું જોઇએ એવો આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

(૪) હિંદુસ્તાનની જુદી જુદી યુનીવર્સીટીઓમાં માગધી ભાષા બીજી ભાષા તરીકે જૈન વિદ્યાર્થીઓ લઇ શકે તેને માટે પ્રયાસ કરવા જૈન સાક્ષરો તથા સંસ્થાઓને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

દરખાસ્ત મૂકનાર—પંડિત ભગવાનદાસ હરખચંદ ( વળા–કાઠિયાવાડ. )

ટેકો આપનાર—રા. ચુનીલાલ મુળચંદ કાપડીયા એમ. એ. બી. એસ. સી. એલ. એલ. બી. ( ખંભાત. )

વિશય અનુમોદન—પંડિત સુખલાલજી ( લીંબલી–કાઠીયાવાડ )

ઠરાવ ૬ ઠ્ઠો—યુનિવર્સીટી અને જૈન સાહિત્ય ( The Universities and Jaina Literature. )

(૧) મુંબઈ, કલકત્તા તથા મદ્રાસ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ થયેલું છે તે ઉપર સમસ્ત જૈન કોમનું લક્ષ આ કોન્ફરન્સ ખેંચે છે અને તે તે યુનિવર્સીટીમાં અભ્યાસ કરનાર જૈન વિદ્યાર્થીઓ જૈન સાહિત્ય લે તે માટે તે વિદ્યાર્થીઓને તથા તેમના વાલીઓને ભાર મૂકી આગ્રહ કરવામાં આવે છે.

(૨) ઉપલી યુનિવર્સીટીઓમાં જે જે જૈન પુસ્તકો દાખલ કરવામાં આવ્યાં છે અને આવે તે પુસ્તકો ટીકા તથા વિવેચન સહિત તૈયાર કરવા જૈન વિદ્વાનોનું અને તેને છપાવી પ્રસિદ્ધ કરવા જૈન સંસ્થાઓ તથા શ્રીમંતોનું લક્ષ ખેંચવામાં આવે છે.

(૩) મુંબાઇ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય માટે ખાસ સ્કોલરશીપ સ્વ. શેઠ અમરચંદ તલકચંદ તરફથી સ્થાપવામાં આવી છે તેવી રીતે બીજી યુનિવર્સીટીમાં પણ સ્કોલરશીપો સ્થાપવા જૈન શ્રીમંતોને ભલામણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) નવીન સ્થાપિત થયેલ હિંદુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ થાય તે માટે ફંડ વગેરેની સગવડ કરી આપવાની અને સ્કોલરશીપ સ્થાપવાની આપણી ફરજ છે એમ આ કોન્ફરન્સ માને છે અને તે પ્રમાણે ફંડ સ્કોલરશીપ વગેરેનો પ્રબંધ કરવા જૈન શ્રીમંતો તથા સંસ્થાઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

(૫) જૈન સાહિત્યનાં પુસ્તકો અનેક છે તેમાંથી સારામાં સારાં પુસ્તકોની યુનિવર્સીટીના અભ્યાસક્રમમાં ચુંટણી થાય તે માટે ઉત્તમ પુસ્તકો જૈન જાહેર સંસ્થાઓએ તેમજ શ્રીમંતોએ જૂદી જૂદી યુનિવર્સિટીને ભેટ આપવાં એવી આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

દરખાસ્ત કરનાર—વકીલ લખમશી હીરજી મૈશરી. બી. એ. એલ. એલ. બી. (મુંબઇ)
ટેકો આપનાર—વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી.એ. એલ. એલ. બી. (સાદરા)

## ઠરાવ ૭ મો—સામાન્ય શિક્ષણ ( General Education. )

જૈન સમાજમાં એક પણ જૈન કેળવણીથી બેનસીબ રહે નહિ એવી સ્થિતિ લાવવાની ખાસ અગત્ય છે તો તે માટે આ કોન્ફરન્સ ભલામણ કરે છે કેઃ—

(૧) પ્રત્યેક જૈને પોતાની પુત્રી અને પુત્રોને વ્યાવહારિક શિક્ષણ અવશ્ય આપવું.

(૨) દરેક સ્થળના આગેવાન જૈનોએ પોતાના સ્થાનિક જૈન વિદ્યાર્થીઓને શિક્ષણ લેવા માટેનાં દરેક સાધનો જેવા કે ફ્રી ચોપડીઓ વગેરે પૂરા પાડવા પ્રબંધ કરવો.

(૩) હિંદનાં મુખ્ય મુખ્ય શહેરો કે જ્યાં કેળવણી લેવાનાં સારાં સાધનો હોય ત્યાં જૈન વિદ્યાર્થીઓને માટે જૈન શ્રીમંતો તથા નેતાઓએ બોર્ડીંગ સ્થાપવી.

(૪) ઉચ્ચ શિક્ષણ લેવા ઉત્સુક જૈન વિદ્યાર્થીઓને અને ખાસ કરીને ગ્રેજ્યુએટ થયા પછી દેશપરદેશ જઈ અભ્યાસ આગળ વધારવા ઈચ્છનાર વિદ્યાર્થીને મોટી સ્કોલરશિપ જૈન શ્રીમંતો તથા જાહેર સંસ્થાઓએ આપવી.

દરખાસ્ત મૂકનાર—વકીલ નંદલાલ લલ્લુભાઈ (વડોદરા.)
ટેકો આપનાર—રા. ભોગીલાલ નગીનદાસ (ખંભાત.)
વિશેષ અનુમોદન—રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી (ભાવનગર)
„ —રા. વેલચંદ ઉમેદચંદ મહેતા. હા. પ્લીડર. (પાલણપુર)
„ —રા. શામજી લધા. (મુંબઇ)
„ —રા. નગીનચંદ પુનમચંદ નાણાવટી (પેથાપુર)

## ઠરાવ ૮ મો—વ્યાપારી શિક્ષણ ( Commercial Education. )

...ના જબરી હરીફાઈના જમાનામાં જૈન કોમનો અસલી દરજ્જો જાળવી રાખવા માટે નીચેના ઉપાયોની જરૂર છે, તો તે પર આ કોન્ફરન્સ સર્વ જૈનોનું લક્ષ ખેંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) જૈનોના હસ્તક હાલમાં જે જે રોજગાર છે તેને કાયમ રાખી આબાદ કરવા માટે તે તે ધંધાના અગ્રેસરોએ પ્રયત્ન કરવા.

(૨) જૈન વેપારીઓએ પોતાના વેપારમાં સ્વધર્મી સુશિક્ષિત યુવાનોને દાખલ કરી તેમાં કુશળ બનાવી સામેલ કરવા.

(૩) પાશ્ચિમાત્ય વ્યાપારીઓ પોતાના વેપારને આબાદ અને વિસ્તારવાળો જે જે રીતે બનાવે છે તે તે રીતિઓ જાણી તેનું અનુકરણ હિંદના વેપારના સંજોગોને ધ્યાનમાં રાખી કરવું એ જૈન વેપારીઓનું કર્તવ્ય છે એમ સમજવું.

(૪) ઉંચા વેપારી શિક્ષણ પ્રત્યે જૈન વિદ્યાર્થીઓનું લક્ષ ખેંચવું અને વેપારી કોલેજમાં તેઓ અભ્યાસ કરે તે માટે ખાસ સ્કોલરશીપો સ્થાપવી.

(૫) ઉંચું શિક્ષણ ઘણું મોંઘું હોવાથી સામાન્ય સ્થિતિના જૈનો સામાન્ય શિક્ષણ લઇને પોતાની આજીવિકા આબરૂસર ચલાવી શકે તે માટે તેઓ સારૂ દેશી નામાના વર્ગો એટલે સ્વદેશી હિસાબ પદ્ધતિનું શિક્ષણ આપનાર કલાસ જૈન શ્રીમંતો અને જૈન જાહેર સંસ્થાઓએ ખોલવા.

દરખાસ્ત મૂકનાર—રા. રા. મણીલાલ બાલાભાઇ નાણાવટી. એમ. એ. એલ. એલ. બી.

ટેકો આપનાર—રા. રા. હીરાચંદ લીલાધર ઝવેરી. જામનગર.

વિશેષ અનુમોદન—રા. હાથીભાઇ કલ્યાણજી ( કચ્છ—માંડવી. )
રા. વીરજી રાજપાળ માસ્તર. મુંબઇ.

ઉપર પ્રમાણેના ઠરાવો પસાર કર્યા બાદ બીજા દિવસનું કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું.

## ત્રીજો દિવસ.

તા. ૨૩ એપ્રીલ ૧૯૧૬. વીરાત્ ૨૪૪૨ ચૈત્ર વદ ૬ રવિવાર.

### સંઘ અર્ચા.

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते ।
यं तीर्थं कथयन्ति पावनतया येनाऽस्ति नाऽन्यः समः ॥
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते ।
स्फूर्तिर्यस्य परावसन्ति च गुणा यस्मिन्स संघोऽर्च्यताम् ॥

### વિનતિ.

( સોરઠની લયમાં )

કરજો કંઇ કોમ ઉદ્ધાર, તમે વીર સંઘ તણા સરદાર,
નિજ કોમના ઉદ્ધારમાં, નિશ્ચય તમારો હાથ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગતિ થશે જો કોમની, તેમાં તમારો સાથ છે.— કરજો૦
જેનું શરણ અમને તમોને, એજ પ્રભુ વિતરાગ છે;
જાગે અને જગવે સદાયે, તે ખરા મહા ભાગ છે. કરજો૦
શૂરા ધરી હિમ્મત કરો કુચ, સાધ્ય તો મળનાર છે;
કરી એક દિલ કૃતિ વચનથી, જીવન સફળ થાનાર છે. કરજો૦

## બંધુઓને પ્રોત્સાહન.

("દીનના દયાળ પ્રભુ" એ રાહ.)

ઉઠો વીર ધર્મવીર સમય આ મજાનો, જ્ઞાનકલા જાગ્રતિ તણોજ આ જમાનો.-ઉઠો. (ટેક)
સ્મરણ કરો પૂર્વ કાળ પ્રેમથી તમારો, વીર્ય કયાં ગયું તમારૂં વીર એ વિચારો.-ઉઠો.૧
ભારતે હતી તમારી ભવ્યતાજ સારી, કેવી ધર્મ કીર્ત્તિ જૈન મંડળે પ્રસારી.-ઉઠો.૨
પાટણે પ્રભાવ જૈન ધર્મનો વધાર્યો, ગુર્જરાધિપોએ વીર ધર્મને ઉધાર્યો.-ઉઠો.૩
સૂરીશ હેમચંદ્રતણાં કાર્યને વિચારી, કરે પ્રવૃત્તિ સૌ મુનિ એ પ્રાર્થના અમારી.-ઉઠો.૪
અભયદાન જૈનનું ગણાય નિત્ય ભારી, સભય આજ જૈન ફરે લાજ શી તમારી? ૫
પ્રતાપી પશ્ચિમોતણો પ્રભાવ સૌ વિચારી, સ્વદેશ ને સ્વકોમતણું પ્રેમ તત્ત્વ ધારી. ૬
શું પ્રમાદ પાશમાં પડ્યા રહો પ્રતાપી, સ્નેહથી કરો સહાય બંધુ-કષ્ટ કાપી.૭
ભારતે ગણાય જૈન કોમ સર્વ સારી, કીર્ત્તિ જાળવો તમારી કોમને ઉગારી.-ઉઠો.૮
સંપ કલ્પવૃક્ષતણી છાંય નિત્ય સેવો, કૂર તે કુસંપનેજ દેશવટો દેવો.-ઉઠો.૯

ઠરાવ ૯ મો—જૈનો માટે કેળવણી સંબંધી જુદાં કોલમ (Separate Columns for Jainas.)

મુંબઈ ઈલાકાના કેળવણી ખાતાના અધિકારીએ મુંબઈ ઈલાકાની કોલેજોમાં, હાઇસ્કુલોમાં, પ્રાથમિક શાળાઓમાં અને ખાસ (Special) સ્કુલોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને લગતા અલગ આંકડા પોતાના રિપોર્ટમાં બહાર પાડવા કબુલ કર્યું છે તે માટે આ કોન્ફરન્સ પોતાનો સંતોષ જાહેર કરે છે અને તેવીજ રીતે જૈન વિદ્યાર્થીઓને માટે અલગ આંકડા પોતાના રિપોર્ટમાં બહાર પાડવા બીજા ઈલાકાઓના કેળવણી ખાતાના ઉપરી અધિકારીઓને આ કોન્ફરન્સ વિનંતિ કરે છે. તેમજ જૈન વિદ્યાર્થીઓને માટે પોતાના ફોર્મોમાં ખાસ જુદું કોલમ રાખવા હિંદી સરકારને આ કોન્ફરન્સ અરજ કરે છે.

(પ્રમુખ તરફથી)

ઠરાવ ૧૦ મો—જૈન પ્રાચીન શોધખોળ ખાતું (Archaeology)

જૈન પ્રાચીન મકાનો અને શિલાલેખો વિગેરે સારી રીતે મરામત પામી ચિરકાલ સુસ્થિતિમાં રહે અને તેનો પ્રાચીન ઇતિહાસ જળવાઈ રહે તે માટેની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે અને એવા પ્રાચીન શિલાલેખો વિગેરે ઉતરાવીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો સંગ્રહ કરવાનો અને તે સાથે આપણો પ્રાચીન ઇતિહાસ શૃંખલાબદ્ધ મેળવી શકવા માટે તેવો સંગ્રહ છપાવીને પ્રગટ કરવાનો ઠરાવ કરે છે.

( પ્રમુખ તરફથી )

**ઠરાવ ૧૧ મો—કોન્ફરન્સનું બંધારણ** ( Constitution of the conference )

૧ **ઉદ્દેશ**—આ કોન્ફરન્સ કે જેનું નામ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રાખવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ જૈન કોમ અને જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજીક, આર્થિક અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મૂકવા માટે યોગ્ય ઉપાયો યોજવાનો છે.

૨ **કાર્ય વિસ્તાર**:—સમસ્ત જૈન કોમને લાગુ પડતા સવાલોજ કોન્ફરન્સ હાથ ધરશે.

૩ **અધિવેશન**:—કોન્ફરન્સની આગલી બેઠક વેળાએ ઠરાવવામાં આવેલ વખતે અને સ્થળે આ કોન્ફરન્સ સાધારણ રીતે દર બે વરસે એક વખત ભેગી મળશે. જો એવો કોઈપણ ઠરાવ આગલી બેઠક વેળાએ કરવામાં આવેલો નહીં હશે તો કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટી એ બાબત નક્કી કરશે. તેમજ જ્યારે સ્ટેન્ડીંગ કમિટીને ફેરફાર કરવો જરૂરી અથવા ઇચ્છવા યોગ્ય જણાશે ત્યારે કોન્ફરન્સ ભરવાનો વખત તથા જગ્યા તે બદલી શકશે.

૪ **પ્રતિનિધિ**:—આ કોન્ફરન્સ પ્રતિનિધિઓથી બનશે. પ્રતિનિધિઓ નીચેના થઈ શકશે.

(૧) કોઈપણ શહેર કે ગામનો સંઘ યા સભા કે મંડળ જે યોગ્ય ગૃહસ્થને પ્રતિનિધિ તરીકે નિમી મોકલે તે, (૨) ગ્રેજ્યુએટો—જેની અંદર કોઈપણ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો તેમજ બૅરીસ્ટર, હાઈકોર્ટ પ્લીડર, ડિસ્ટ્રીક્ટ પ્લીડર, એંજીનિયર અને આસિસ્ટંટ સર્જનનો સમાવેશ થાય છે. (૩) જૈન પેપર અને માસિકોના અધિપતિઓ.

નોટ:—પ્રતિનિધિની ઉમ્મર ૧૮ વર્ષથી ઓછી હોવી ન જોઈએ તથા સભા કે મંડળ ઓછામાં ઓછું એક વર્ષનું જુનું હોવું જોઇએ.

૫ **પ્રતિનિધિ પ્રમાણ**:—દરેક શહેર કે ગામના સંઘે યા સભા કે મંડળે પ્રતિનિધિઓની નિમણુક કરતી વખતે નીચેનું પ્રમાણ ધ્યાનમાં રાખવું.

(૧) જે શહેર કે ગામમાં જૈન ઘરની સંખ્યા સોથી વધારે ન હોય, ત્યાંના સંઘે પાંચ પ્રતિનિધિથી વધારે ન ચુંટવા.

(૨) જે શહેર કે ગામની અંદર જૈનોના સોથી વધારે ઘર હોય ત્યાંના સંઘે દર સો ઘર દીઠ પાંચના પ્રમાણમાં પ્રતિનિધિ ચુંટવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) દરેક સ્થળની સભા કે મંડળ ઓછામાં ઓછો એક અને વધારેમાં વધારે પાંચ પ્રતિનિધિઓ ચુંટી શકશે.

૬ **પ્રતિનિધિની ફીઃ**—પ્રતિનિધિની ફી રૂ. ૩) અને ભોજન સહિત રૂ. ૫) રાખવી.

૭ **સબ્જેકટ્સ કમિટિઃ**—કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવાના ઠરાવો ઘડી કાઢવા, વક્તાઓની ચુંટણી કરવા અને સ્ટેન્ડીંગ કમિટીના મેંબરોના નામો નક્કી કરવા માટે કોન્ફરન્સની બેઠકના પહેલા દિવસે સબ્જેકટ્સ કમિટી નિમવામાં આવશે.

સબ્જેકટ્સ કમિટીની ચુંટણીમાં દરેક પ્રાંતનું પ્રતિનિધિતત્ત્વ આવી શકે તે માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા. રિસેપ્શન (સ્વાગત) કમિટીમાંથી ૨૫ મેમ્બરો, જે પ્રાંતમાં કોન્ફરન્સ ભરાય તે પ્રાંતમાંથી ૨૦ વધારે મેમ્બરો, ગ્રેજ્યુએટોમાંથી ૧૫, અધિપતિઓમાંથી ૪, કોન્ફરન્સના અગાઉના પ્રમુખો અને ચાલુ જનરલ સેક્રેટરીઓ અને આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓ. પ્રતિનિધિઓમાંથી વિભાગવાર નીચે પ્રમાણે મેમ્બરો લેવા. ૧ બંગાળા ૫, ૨ બીહાર ૨, ૩ સંયુક્ત પ્રાંતો ૫, ૪ પંજાબ (ઉત્તર પશ્ચિમ સરહદના પ્રાંતો સાથે) ૭, ૫ સિંધ ૨, ૬ કચ્છ ૧૨, ૭ પૂર્વ કાઠીઆવાડ ૧૫, ૮ પશ્ચિમ કાઠીઆવાડ ૧૫, ૯ ઉત્તર ગુજરાત ૨૫, ૧૦ દક્ષિણ ગુજરાત ૨૦, ૧૧ મુંબઈ ૨૦, ૧૨ મહારાષ્ટ્ર ૫, ૧૩ દક્ષિણ મહારાષ્ટ્ર ૫, ૧૪ મદ્રાસ ઈલાકો (મહીસૂર સાથે) ૩, ૧૫ નિઝામ રાજ્ય ૨, ૧૬ મધ્યપ્રાંત (બીહાર સાથે) ૭, ૧૭ મધ્યહિંદ–પૂર્વ વિભાગ ૩, ૧૮ મધ્યહિંદ–માળવા ૭, ૧૯ મારવાડ ૭, ૨૦ મેવાડ ૫, ૨૧ પૂર્વ રાજપુતાનાનાં રાજ્યો ૫, ૨૨ અજમેર મેરવાડા ૪, ૨૩ બરમા ૫, ૨૪ એડન ૧, ૨૫ આફ્રિકા ૨ અને ૨૬ દિલ્હી ૫.

સબ્જેકટ્સ કમિટીમાં પ્રમુખ તરીકે કોન્ફરન્સના પ્રમુખ કાર્ય કરશે અને તેની ગેરહાજરીમાં રિસેપ્શન કમિટીના પ્રમુખ કાર્ય કરશે.

રિસેપ્શન કમિટીએ, ગ્રેજ્યુએટોએ, અધિપતિઓએ અને ઉપલા દરેક વિભાગના પ્રતિનિધિઓએ કોન્ફરન્સના પહેલા દિવસે સબ્જેકટ્સ કમિટીમાં પોતા તરફથી જે સભાસદ નિમવા માંગતા હોય તેનાં નામો રિસેપ્શન કમિટીના સેક્રેટરીને લખી મોકલવાં.

સબ્જેકટ્સ કમિટી માટે જો તેવાં નામો નિમાઇને લખિતવાર ન આવે તો હાજર રહેલા પ્રતિનિધિઓમાંથી જનરલ સેક્રેટરીઓએ તેવી ચુંટણી કરવી.

જરૂર પડતાં પ્રમુખ સાહેબ પોતા તરફથી ૫ સુધી સભાસદ સબ્જેકટ્સ કમીટીમાં વધારે નીમી શકશે.

૮ **કયા ઠરાવો કોન્ફરન્સમાં રજુ થઈ શકે?**—ઉપર જણાવેલી રીતે બનેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સબ્જેકટ્સ કમિટીમાં હાજર થયેલ મેમ્બરોનો ⅔ ભાગ જેની તરફેણમાં હોય તેજ ઠરાવો કોન્ફરન્સમાં રજુ થશે.

૯ સ્ટેન્ડિંગ કમિટીનું કાર્ય—નીચે જણાવેલાં કાર્યો માટે કોન્ફરન્સની બેઠક વેળાએ એક સ્ટેન્ડિંગ કમિટી નિમવામાં આવશે.

(૧) કોન્ફરન્સે પોતાની બેઠક વેળાએ જે ઠરાવો પસાર કર્યાં હોય તે અમલમાં મૂકવા.

(૨) કોન્ફરન્સની આવતી બેઠક ભરવા માટે ગોઠવણ કરવા.

(૩) કોન્ફરન્સ માટે જોઇતાં નાણાં ભેગાં કરવા તથા ખર્ચ કરવા.

(૪) કોન્ફરન્સને સોંપેલાં નાણાં તથા સખાવતોનો વહીવટ કરવા.

(૫) અને સામાન્ય રીતે કોન્ફરન્સના ઉદ્દેશ અનુસાર દરેક કાર્ય કરવા.

૧૦ સ્ટેન્ડીંગ કમિટીની નિમણુક:—દરેક કોન્ફરન્સની બેઠક વખતે સબ્જેકટ્સ કમિટી જેઓનાં નામો સૂચવે તે ગૃહસ્થોની તેમની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે, લગભગ સોની સંખ્યા સુધીની એક સ્ટેન્ડીંગ કમિટિ બનશે, અને તે નામો કોન્ફરન્સની બહાલી માટે રજુ કરવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીમાં દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ આવી શકે તે માટે નીચેનું પ્રમાણ ધ્યાનમાં રાખવું.+

૧. બંગાળા ૪, ૨. બીહાર ઓરીસા ૧, ૩. સંયુક્ત પ્રાંતો ૪, ૪. પંજાબ (ઉત્તર પશ્ચિમ સરહદના પ્રાંતો સાથે ૪,) ૫. સિંધ ૧, ૬. કચ્છ ૭, ૭ પૂર્વ કાઠિયાવાડ ૭, ૮. પશ્ચિમ કાઠિયાવાડ ૭, ૯. ઉત્તર ગુજરાત ૧૨, ૧૦. દક્ષિણ ગુજરાત ૧૦, ૧૧. મુંબઇ ૨૫, ૧૨. મહારાષ્ટ્ર ૫, ૧૩. દક્ષિણ મહારાષ્ટ્ર ૨, ૧૪. મદ્રાસ ઇલાકો (મહીસુર સાથે) ૧, ૧૫. નિઝામ રાજ્ય ૧, ૧૬. મધ્ય પ્રાંત (બીરાર સાથે) ૩, ૧૭. મધ્યહિંદ–પૂર્વ વિભાગ ૧, ૧૮. માળવા ૨, ૧૯. મારવાડ ૨, ૨૦. મેવાડ ૨, ૨૧. પૂર્વ રાજપુતાનાનાં રાજ્યો ૨, ૨૨. અજમેર મેરવાડા ૨, ૨૩. બરમા ૨, ૨૪. દિલ્હી ૧.

આ કમિટીનું મુખ્ય સ્થળ મુંબઇ રાખવું. જરૂરી પ્રસંગે તેની અંદરના બહારગામના સભ્યોનો પત્રદ્વારા અભિપ્રાય પૂછવો અથવા આમંત્રણ કરીને કોઇપણ એક સ્થળે બોલાવવા. આ કમિટીનું કામ સરળતાથી થાય તે માટે પેટા નિયમો કરવા તે કમિટીને સત્તા આપવી.

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ વરસમાં ઓછામાં ઓછી એકવાર અનુકૂળ સ્થળે બોલાવવી.

+ આ વખતના તમામ નામો ચુંટાઇ ગયા છે તેનું લીસ્ટ સ્થળ સંકોચના કારણથી અત્ર આપવામાં આવ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇપણ અગત્યના પ્રશ્નો સંબંધે વિચાર કરવા ઓછામાં ઓછા આ કમિટીના પંદર મેમ્બરોની સહીવાળું રેકિવઝિશન આવે તો રેસિડંટ જનરલ સેક્રેટરી બનતી ત્વરાએ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ બોલાવશે.

૧૧ **જનરલ સેક્રેટરીઓ:**—નિમાયેલ સ્ટેન્ડીંગ કમિટીમાંથી કોન્ફરન્સની બેઠક વખતે ચાર જનરલ સેક્રેટરીઓની નીમણુક કરવામાં આવશે, જેમાંથી એક મુંબઇના રહેવાસી હોવા જોઇએ. મુંબઇમાં રહેતા જનરલ સેક્રેટરી રેસીડંટ જનરલ સેક્રેટરીના નામથી ઓળખાશે.

૧૨ **આસિ. જનરલ સેક્રેટરીઓ:**—નીમાયેલ સ્ટેન્ડીંગ કમિટીમાંથી કોન્ફરન્સની બેઠક વખતે ચાર આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓની નીમણુક કરવામાં આવશે.

૧૩ **પ્રાંતિક કમિટીઓ:**—સ્ટેન્ડીંગ કમિટીના મેંબરો પોતપોતાના પ્રાંત માટે એક કમિટી રૂપ ગણાશે તેવી કમિટી મારફત જનરલ સેક્રેટરીઓએ કોન્ફરન્સને લગતાં કાર્યો કરવા તથા ઠરાવો અમલમાં મૂકવા પ્રયત્નો કરવા. જરૂર પડતાં આવી કમિટીઓ બીજી પેટા કમિટીઓ નીમી શકશે. પ્રાંતિક કમિટીઓએ પોતાના પ્રાંતમાં કોન્ફરન્સનું કામકાજ કરવા માટે એક સેક્રેટરી નીમવો. અને જો તેવી નિમણુંક કોન્ફરન્સના અધિવેશન પછી એક મહિનામાં ન થાય તો રેસીડંટ જનરલ સેક્રેટરીએ તેવી નિમણુક કરવી.

૧૪ **કોન્ફરન્સના પ્રમુખની નિમણુક:**—જ્યાં કોન્ફરન્સનું અધિવેશન થવાનું હોય ત્યાંની રિસેપ્શન કમિટી જનરલ સેક્રેટરીઓની સલાહ લઈ તે અધિવેશનના પ્રમુખ નીમી શકશે.

૧૫ **કોન્ફરન્સ હેડ ઓફિસ:**—કોન્ફરન્સની હેડ ઓફિસ મુંબઇમાં રેસીડંટ જનરલ સેક્રેટરીની દેખરેખ નીચે રહેશે અને સ્ટેન્ડીંગ કમિટીના મુંબઇના મેંબરોની સલાહ લઇને તે પોતાનું કાર્ય કરશે, તેની મીટીંગમાં બહારગામના સ્ટેન્ડીંગ કમિટીના કોઇ પણ મેંબર મુંબઇમાં હોય તો તે ભાગ લઇ શકશે.

૧૬ **સખાવતો:**—કોન્ફરન્સના ઉદ્દેશ અને કાર્યોને અંગે જે જે સખાવતો જાહેર કરવામાં આવશે તેનો વહીવટ જનરલ સેક્રેટરીઓ સ્ટેન્ડીંગ કમિટી દ્વારા કરશે. તે સિવાયની બીજી કોઇ પણ સખાવતો જાહેર કરવા દેવામાં આવશે નહીં.

૧૭ **રિપોર્ટ તથા હિસાબ:**—રેસીડંટ જનરલ સેક્રેટરી કોન્ફરન્સને લગતા દરેક કામકાજનો રિપોર્ટ દરેક જનરલ સેક્રેટરી તથા પ્રાંતિક કમિટીઓની પાસેથી વિગતો મંગાવી તૈયાર કરશે, તેનો હિસાબ ઓડિટ કરાવશે અને તે રિપોર્ટ તથા હિસાબ છપાવી બહાર પાડી કોન્ફરન્સના અધિવેશન વખતે રજુ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઠરાવ પસાર કરવાની સાથે કલમ ૧૧–૧૨ અનુસાર ચાર ચાર જ. સે. ને આ. જ. સે. ની નીમણુક કરવાની હોવાથી પ્રમુખ સાહેબે કેટલાક કારણસર પ્રથમ પ્રમાણેના–તેજ નામવાળા ત્રણ ત્રણ જ. સે. ને આ. જ. સે. ની નીમનોક કાયમ રાખ્યાનું જાહેર કર્યું હતું.

## કોન્ફરન્સની બેઠક વેળાએ કામકાજ ચલાવવાના કાનુનો.

૧. કોન્ફરન્સની દરેક બેઠક સ્વાગત કમિટીએ જાહેર કરેલા વખતે અને જગ્યાએ મળશે.

૨. કોન્ફરન્સના પહેલા દિવસનું કામકાજ બનતા સુધી નીચે મુજબ રહેશે.
   ( ક ) સ્વાગત કમિટીના પ્રમુખ તરફનું પ્રતિનિધિઓને આવકાર આપનારૂં ભાષણ.
   ( ખ ) કોન્ફરન્સના નિમાયેલ પ્રમુખનો યથાવિધિ સ્વીકાર અને તેમનું ભાષણ
   ( ગ ) કોન્ફરન્સનાં કામકાજનો રિપોર્ટ.
   ( ઘ ) સબ્જેકટ્સ કમિટીની ચુંટણી.

૩. કોન્ફરન્સની દરેક બેઠક શરૂ થાય તે આગમજ બની શકે ત્યાંસુધી તે દિવસના કાર્યક્રમની છાપેલી નકલ સેક્રેટરીઓ વ્હેંચશે.

૪. કોન્ફરન્સ સન્મુખ જે ભાષણો થાય તે ઉપર અથવા તેમાં દર્શાવેલા વિચારો ઉપર કોઇ પણ જાતનો વાદવિવાદ ચલાવવા દેવામાં આવશે નહીં.

૫. કાનુનને લગતા અને કામકાજ ચલાવવાની રૂઢીને લગતા સઘળા સવાલોનો પ્રમુખ પોતે વગર ઢીલે નિર્ણય કરશે. અને તેમનો નિર્ણય સઘળા દાખલાઓમાં બંધનકર્તા ગણાશે.

૬. કાંઇ ગંભીર ગડબડને લીધે અથવા બીજા કોઈ ચોક્કસ કારણસર, ચોક્કસ વખત સુધી અથવા કોઈ પણ દિવસ નક્કી કર્યા વિના કોન્ફરન્સ મુલતવી રાખવાની સત્તા પ્રમુખને રહેશે.

૭. કાર્યક્રમમાં જે અનુક્રમ રાખ્યો હોય તે અનુક્રમમાં ફેરફાર કરવાની પ્રમુખને સત્તા છે.

૮. કોઇપણ ઠરાવ રજુ કરવા માટે તેની દરખાસ્ત મૂકનાર, તેને ટેકો આપનાર અને તેને તેના વધુ સમર્થન માટે અનુમોદન આપનાર સબ્જેકટ્સ કમિટીએ ચુંટી કાઢેલા પ્રતિનિધિઓ હોવા જોઇએ. તે સિવાય કોઇ બીજાને બોલવા દેવાની રજા આપવી કે ન આપવી તે પ્રમુખની મુનસફી ઉપર છે.

૯. સબ્જેકટ્સ કમિટીએ દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનારનાં નામ સાથે મુકરર કરેલા ઠરાવ પણ પ્રમુખને યોગ્ય જણાશે તો તે પોતા તરફથી રજુ કરી શકશે અને તેમાં કોઈપણ વાંધો લઇ શકશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦. સઘળા બોલનારાઓને અમુક વખત સુધીજ બોલવા દેવાની, તેમજ કોઇપણ બોલનારને કાનુનસર વર્તવાનું કહેવાની તથા જો કોઈ બોલનાર પ્રમુખ તરફની ચેતવણી છતાં ચર્ચાના નિયમોનું ચાલુ ઉલ્લંઘન કરે તો તેને ઠરાવેલા વખતની હદ પૂરી થાય તે અગાઉ પણ વધુ બોલતા અટકાવવાની કોન્ફરન્સના પ્રમુખને સત્તા રહેશે.

૧૧. કોન્ફરન્સના કાર્યમાં વિઘ્ન કરનાર યા કાનુનનો ભંગ કરનાર કોઈપણ પ્રતિનિધિને કારણ જણાવ્યા વગર કે ફી પાછી આપ્યા વગર મંડપ છોડી જવાનું ફરમાન કરવાની પ્રમુખને સત્તા છે.

૧૨. સ્વાગત કમિટી તરફથી નક્કી કરવામાં આવે તે કરારો અને સરતો મુજબ પ્રેક્ષકોને કોન્ફરન્સની બેઠકો વેળાએ તેઓ માટે રાખવામાં આવેલા એલાયદા ભાગમાં હાજર રહેવા દેવામાં આવશે. તેઓને ફી આપ્યા સિવાય સભા છોડી જવાને કોન્ફરન્સના પ્રમુખ કોઈ પણ વખતે ફરમાવી શકશે.

## ( પ્રમુખ તરફથી )

## ઠરાવ ૧૨ મો—સ્ત્રી શિક્ષણ—( Female Education. )

જૈન સમાજમાં સ્ત્રી શિક્ષણનો સર્વત્ર પ્રચાર કરવા માટે આ કોન્ફરન્સ નીચેની જરૂરીઆતો સ્વીકારે છેઃ—

( ૧ ) દરેક જૈને પોતાની પુત્રીને ઓછામાં ઓછું લખતાં અને વાંચતાં આવડે તેટલું તેમજ સામાન્ય ગણિતનું જ્ઞાન આપવાનો અવશ્ય પ્રબંધ કરવો.

( ૨ ) જેનાથી બની શકે તે દરેક જૈને પોતાની પુત્રીને માધ્યમિક ( Secondary ) અને ઉચ્ચ ( Higher ) શિક્ષણ આપવું અને તેવું શિક્ષણ પોતાની પુત્રી લઇ શકે તે માટે તેનાં લગ્ન તેની નાની ઉમરમાં નહિ કરવાં.

( ૩ ) જે જે સ્થળે જૈનોની સારી સંખ્યા છે તે તે સ્થળે જો સાર્વજનિક કન્યાશાળા ન હોય, તો ત્યાં પોતાની તરફથી કન્યાશાળા સ્થાનીક અગ્રેસરોએ ખોલાવવા ગોઠવણ કરવી.

( ૪ ) મોટી ઉમરની શ્રાવિકાઓને બપોરના ફુરસદના વખતમાં વ્યવહારોપયોગી સામાન્ય જ્ઞાન આપવા માટે સ્થળે સ્થળે ખાસ વર્ગ ખોલવાની જરૂર છે કે જે ખાસ વર્ગોમાં આરોગ્ય વિદ્યાનાં મૂળતત્ત્વો, દરદીની સારવાર અને અકસ્માત વખતે લેવા જોઇતા તાત્કાલિક ઇલાજ, ભરત ગુંથણ ઇત્યાદિનું શિક્ષણ મળે તેમ કરવું.

( ૫ ) જૈન કન્યાશાળા તેમજ શ્રાવિકાશાળા માટે સ્ત્રી શિક્ષકો મેળવવા અર્થે એ ખાસ જરૂરનું છે કે શ્રાવિકાઓ અને ખાસ કરી વિધવાઓએ ફિમેલ ટ્રેઇનિંગ કોલેજમાં મોટા પ્રમાણમાં દાખલ થઇ અભ્યાસ કરવો અને તેવી અભ્યાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતી સ્ત્રીઓને જે જે પ્રકારની સગવડો જોઇએ તે સ્કોલરશિપ વગેરેથી પુરી પાડવી.

દરખાસ્ત મૂકનાર—રા. સારાભાઈ મગનલાલ મોદી. બી. એ. ( અમદાવાદ )

ટેકો આપનાર—રા. મણીલાલ મોહનલાલ. પાદરાકર.

વિશેષ અનુમોદન—રા. મુલચંદ આશારામ. વૈરાટી. અમદાવાદ.

,, રા. લલ્લુભાઈ કરમચંદ દલાલ. ( મુંબઇ )

**ઠરાવ ૧૩ મો—સુકૃત ભંડાર ફંડ—( Sukrita BhandarF und. )**

આ કોન્ફરન્સ દૃઢતાથી આગ્રહ કરે છે કે દરેક વર્ષે દરેક શ્રાવક શ્રાવિકાએ ઓછામાં ઓછા ચાર આના શ્રી સુકૃત ભંડાર ફંડમાં દેવાજ જોઇએ કે જે ફંડની આવક કેળવણી અને કોન્ફરન્સના નિભાવમાં વપરાય છે અને જે ફંડની ઉપર કોન્ફરન્સની હયાતી તથા કોન્ફરન્સે ઉપાડેલા કાર્યનો આધાર રહેલો છે.

( ૧ ) આ ફંડમાં અત્યાર સુધી જે જે મહાશયોએ પૈસા ભરી પોતાની સહાનુભૂતી દર્શાવી છે, તેને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે.

(૨) જે જે સ્થળના સંઘોએ આ ફંડ એકઠું કરી કોન્ફરન્સ ઓફીસપર મોકલાવવાનો પરિશ્રમ ઉઠાવ્યો છે તે સર્વેનો આ કોન્ફરન્સ આભાર માને છે.

(૩) પોતપોતાના ગામમાંથી સંવત્ ૧૯૭૨ નું સુકૃતભંડાર ફંડ એકઠું કરીને જેમ બને તેમ જલદી કોન્ફરન્સ ઓફીસ પર મોકલાવી આપે એવી પ્રત્યેક ગામ અને શહેરના સંઘને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

દરખાસ્ત મૂકનાર—રા. દામોદર બાપુશા, એવલાકર.

ટેકો આપનાર—ઝવેરી લાલભાઇ કલ્યાણભાઇ. (વડોદરા)

વિશેષ અનુમોદન—રા. મણીલાલ મોકમચંદ. (મુંબાઇ)

**ઠરાવ ૧૪ મો. જૈનો અને હિંદુ યુનિવર્સિટી ( Jainas and the Hindu University ).**

આપણા ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જન્મભૂમિ તરીકે પવિત્ર ગણાતી કાશી નગરીમાં હિંદુ યુનિવર્સિટી સ્થાપિત થવાથી આ કોન્ફરન્સ પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે અને તેના કાર્યવાહકોને તે માટે ધન્યવાદ આપે છે.

આપણા જૈન વિદ્યાર્થીઓ ઉક્ત યુનિવર્સિટીમાં સારી સંખ્યામાં જોડાય તેવી આશા આ કોન્ફરન્સ રાખે છે અને હિંદુ યુનિવર્સિટીના કાર્યવાહકો તે વિશ્વવિદ્યાલયમાં હિંદુ ધર્મના અભ્યાસનો પ્રબંધ કરવામાં આવે ત્યારે જૈન ધાર્મિક અભ્યાસ આપવાનો પ્રબંધ કરે એવો આગ્રહ આ કોન્ફરન્સ કરે છે. ( આ ઠરાવની નકલ પ્રમુખ સાહેબની સહી સાથે હિંદુ યુનિવર્સિટીના અધિકારીને મોકલી આપવી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરખાસ્ત મૂકનાર—બાબુ દયાલચંદજી જોહરી ( આગ્રા )
ટેકો આપનાર—વકીલ છોટાલાલ ત્રિકમદાસ પારેખ ( વિરમગામ )

**ઠરાવ ૧૫ મો—જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાનાં સાધન.** (Means to increase and enlarge Jaina Community.)

જૈનોમાં બીજી કોમો કરતાં વધુ મૃત્યુ પ્રમાણ રહે છે તો તેને ઓછું કરવા માટે અને જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે કોન્ફરન્સ એવું ઇચ્છે છે કેઃ—

(૧) જે લોકોએ પોતાનો અસલી ધર્મ છોડી અન્ય ધર્મ સ્વીકાર્યો હોય તેને પુનઃ જૈન ધર્મમાં લાવવાના પ્રયત્ન કરવા.

(૨) જૈન ધર્મમાં રૂચિ રાખનારા ઉચ્ચ વર્ણના આર્યોને આપણા પૂજ્ય મુનિમહારાજોની સંમતિ લઇને જૈન ધર્મમાં દાખલ કરવા માટે પ્રયાસ કરવા.

(૩) આરોગ્ય વિદ્યાના નિયમોનું જ્ઞાન જૈનસમાજમાં સર્વત્ર ફેલાવવું.

(૪) ગીચ વસ્તીવાળાં મોટા શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના જૈનોને માટે ખાસ સસ્તા ભાડાની ચાલીઓ યા મકાનો બંધાવવાની જૈન શ્રીમંતોને પ્રેરણા કરવામાં આવે છે.

(૫) જૈનોનું મૃત્યુ પ્રમાણ વધારે હોવાથી તે અટકાવવા માટે ઉપાય સૂચવવા સુજાનગઢ ખાતે ભરાયેલી કોન્ફરન્સ વખતે જે કમીટી નીમાણી હતી તેનો રીપોર્ટ આ કોન્ફરન્સ બહાલ રાખે છે, અને તે રિપોર્ટમાં દર્શાવેલી સૂચનાઓ ઉપર જૈન કોમનું લક્ષ ખેંચે છે.

દરખાસ્ત મૂકનારઃ–ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી L. M. & S. મુંબઇ.
ટેકો આપનારઃ–રા. માહુમલ ભણશાલી. (દીલ્હી)
વિશેષ અનુમોદન–રા. મણીલાલ વાડીલાલ ( મુંબઇ )

**ઠરાવ ૧૬ મો—જીવદયા.** (Humanitarianism)

આપણને જીવદયાના કાર્યની પદ્ધતિમાં કેટલાક અગત્યના સુધારા વધારા કરવાની આવશ્યકતા રહેતી હોવાથી આ કોન્ફરન્સ તે તરફ જૈન કોમનું લક્ષ ખેંચે છે, અને એવું ઇચ્છે છે કેઃ—

(૧) સર્વ જીવોની રક્ષા કરવા તેમજ તેમની હિંસા થતી હોય તે અટકાવવા માટે યોગ્ય પ્રયાસ કરવા, તથા

(૨) જાતિ દેખરેખની ખામીથી પાંજરાપોળમાં રાખવામાં આવતાં કમનસીબ મુંગાં પ્રાણીઓને જે દુઃખ સહન કરવું પડે છે તે ઓછું કરવાનો બંદોબસ્ત કરવા, તથા

(૩) મનુષ્યના ખોરાક, તેમજ ધર્મ, શિકાર, ફેશન વિગેરે માટે જુદી જુદી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાનવરો ઉપર ત્રાસદાયક ઘાતકીપણું ગુજરે છે તેમાંથી તેઓને બચાવી લેવાનો પ્રયત્ન કરવા, તથા

(૪) જાનવરોના શરીરના અવયવોમાંથી બનતી વસ્તુઓ જેવી કે હાથીદાંત, કચકડું વગેરેનો બહિષ્કાર કરી તેને બદલે નિર્દોષ વસ્તુઓ ઉપયોગમાં લેવા,

માટેનું જાહેર પ્રજામાં જ્ઞાન આપવા સારૂ પ્રયાસ કરવાની જરૂર છે અને તેવા પ્રયાસ અત્યાર સુધી જેની જેની તરફથી થયા છે તેનો આભાર માનવામાં આવે છે અને તેમને તે દિશા તરફ નિરંતર વધુ પ્રયત્ન ચાલુ રાખવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે. **( પ્રમુખ તરફથી )**

**ઠરાવ ૧૭ મો—ધાર્મિક ખાતાના હિસાબોની ચોખવટ.** (Accounts of RelouigInstitutions)

દરેક ધાર્મિક ખાતાના હિસાબો ચોખ્ખા રહે અને તેમાં વહીવટ સંબંધી ગેરસમજુતી થવાનો સંભવ દૂર થઇ વિશ્વાસ બેસે, અને તેથી આવક પણ વૃદ્ધિ પામે તે માટે હિસાબ તૈયાર રાખવાની, સરવૈયા કાઢવાની, તે જોવા માગે ત્યારે બતાવવાની અને દર વર્ષે છપાવી પ્રગટ કરવાની આ કોન્ફરન્સ જરૂર ધારે છે. તેમજ આ ખાતા તરફથી નિમાયેલા હિસાબ તપાસવા આવનારાઓને તે બતાવવાને આ કોન્ફરન્સ ખાસ આગ્રહ કરે છે. અને તે કામમાં બનતી મદદ આપવા માટે દરેક બંધુનું ધ્યાન ખેંચે છે. તેમજ આ ઠરાવોનો સર્વત્ર ત્વરિત અમલ થઇ ધર્માદા દ્રવ્યને પૂર્ણ રક્ષણ મળે અને ધારેલા ઉદ્દેશ પાર પડે તે માટે સૌથી પહેલો દાખલો બેસાડવા શ્રી સંઘોને નામે વહીવટ કરતી આપણી ધાર્મિક જાહેર સંસ્થાઓના હિસાબો જેમ બને તેમ વહેલા છપાવી પ્રગટ કરવા આ કોન્ફરન્સ તેવી સંસ્થાઓના વહીવટકર્ત્તાઓ પ્રત્યે આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

જે જે ખાતાંઓએ રાજી ખુશીથી તુરત પોતાના હિસાબો તપાસાવ્યા છે કે પ્રગટ કર્યા છે, તેઓને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે. **( પ્રમુખ તરફથી )**

**ઠરાવ ૧૮ મો—અગાઉના ઠરાવોની પુષ્ટિ.** (Confirmation of the previous resolutions)

હાનિકારક રિવાજો દૂર કરવા, નિરાશ્રિતોને આશ્રય આપવો, સંપની વૃદ્ધિ કરવી ઈત્યાદિ આગલી કોન્ફરન્સોએ પસાર કરેલા ઠરાવોને પુષ્ટિ આપવા સાથે આ કોન્ફરન્સ તે ઠરાવોનો અમલ કરવાની સર્વ જૈનોને ભલામણ કરે છે. **( પ્રમુખ તરફથી )**

ત્યારબાદ **શેઠ ભોગીલાલ હાલાભાઈ** પાટણવાળાની પ્રેરણાથી ઠરાવ પસાર કરવામાં આવ્યો કે–એજ્યુકેશન બોર્ડના દરેક મેમ્બરો પાસેથી વાર્ષિક ફી તરીકે રૂ. ૫) લેવામાં આવશે. જેઓ એક સાથે રૂ. ૧૦૦) આપશે તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાઇફ મેમ્બર ગણાશે અને તેમને વાર્ષિક ફી આપવી પડશે નહીં. ( આ પ્રમાણેનો ઠરાવ પસાર થયા બાદ લાઇફ મેમ્બરો ને વાર્ષિક મેમ્બરોના કેટલાક નવા નામો નોંધાયા હતા ).

ઉપર પ્રમાણેના તમામ ઠરાવો સર્વાનુમતે પસાર થયા બાદ મહેરબાન પ્રમુખ સાહેબે ઉપસંહાર તરીકે સર્વ ઠરાવોનો સાર કહી સંભળાવ્યો હતો.

ત્યારબાદ રા. રા. ગુલાબચંદજી ઢઢાએ પ્રમુખ સાહેબ વિગેરેની તરફથી કોન્ફરન્સ નીભાવ ફંડમાં, કેળવણી સહાય ફંડમાં અને સુકૃત ભંડાર ફંડમાં મળેલી મદદ જાહેર કરી હતી. તે પ્રસંગે અન્ય ગૃહસ્થોએ પણ ઉત્સાહ સાથે કેટલીક રકમો જાહેર કરી હતી. આ સહાયનું એકંદર લીસ્ટ દશમા અધિવેશનના રીપોર્ટની અંદર નામવાર પ્રકટ થવાનું હોવાથી તેમજ સ્થળસંકોચના કારણથી અહીં પ્રકટ કર્યું નથી. આ સમયે સર્વત્ર હર્ષ ફેલાઇ રહ્યો હતો. તે હર્ષમાં વૃદ્ધિ કરવા માટે **રા. ગુલાબચંદજી ઢઢાએ** હવે પછીની કોન્ફરન્સ એકાંતર વર્ષે ભરવા માટે ગુજરાત, મારવાડ અને પંજાબના આમંત્રણ જાહેર કર્યા હતા. ( ગુજરાતમાં પાલણપુર, મારવાડમાં બીકાનેર કે જોધપુર અને પંજાબમાં અંબાલા કે અમૃતસરના ગૃહસ્થોની ઇચ્છાનુસાર આ હકીકત પ્રદર્શિત કરવામાં આવેલી હતી.)

ત્યારબાદ બહાર ગામથી પધારેલા ડેલીગેટોનો મુંબઇની રીસેપ્શન કમીટી તરફથી **ઝવેરી મોહનલાલ હેમચંદે** આભાર માન્યો હતો અને તેમની આગતાસ્વાગતા કરવામાં રહેલી ખામીની ક્ષમા ચાહી હતી. તેના પ્રત્યુત્તરમાં બહાર ગામના ડેલીગેટો તરફથી **બાબુ કીર્તિપ્રસાદજીએ** રીસેપ્શન કમીટીનો અત્યંત આભાર માન્યો હતો અને કોઇ પણ પ્રકારની ખામી નહીં હોવાનું જાહેર કર્યું હતું.

બાદ પ્રમુખ સાહેબનો આભાર માનવાની દરખાસ્ત ઘણા સુંદર શબ્દોમાં **શેઠ દલસુખભાઈ વાડીલાલ વીરચંદે** મૂકી હતી, તેને ઝવેરી જીવણચંદ ધરમચંદ તથા ચુનીલાલ છગનચંદ શ્રોફ સુરત નિવાસીએ ટેકો આપ્યો હતો. પ્રમુખ સાહેબે ઘણા મનોરંજક શબ્દોમાં તેનો પ્રત્યુત્તર આપ્યો હતો.

ત્યારબાદ મી. **કુંવરજી આણંદજીએ** મુંબઇની રીસેપ્શન કમીટીનો તેમણે કરેલા ટુંકા વખતમાં મહાન્ કાર્યને અંગે આભાર માન્યો હતો.

બાદ મી. ગુલાબચંદજી ઢઢાએ વોલંટીયર બંધુઓએ બજાવેલી અપ્રતિમ સંઘસેવા માટે તેમનો ઘણા મધુર શબ્દોમાં આભાર માન્યો હતો. તે સાથે તેમની ફરજ સૂચવનારી કેટલીક હિતશિક્ષા પણ આપી હતી. તેનો ઉત્તર વોલંટીયર મંડળ તરફથી તેમના પ્રમુખ **શેઠ નરોત્તમદાસ ભાણજીએ** ઘણા યોગ્ય શબ્દોમાં આપ્યો હતો અને વોલંટીયર બંધુઓએ કરેલી શ્રીસંઘની સેવા તેમની ફરજ રૂપેજ યત્કિંચિત્ હતી એમ જણાવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ મી. **મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ** સોલીસીટરે (ચીફ્સેક્રેટરીએ) માધવબાગના માલેક કે જેમણે આ મંડપ નાખવાને માટે રજા આપવાની ઉદારતા બતાવી છે તેમનો, ડેલીગેટોના તેમજ પ્રમુખ સાહેબના ઉતારા માટે પોતપોતાની વાડીઓ તેમજ બંગલો આપનાર ગૃહસ્થોનો, ન્યુસપેપરના માલેકો કે જેમણે પોતાના રીપોર્ટરો મોકલીને તેમજ કોન્ફરન્સની સત્ય હકીકત વારંવાર પ્રકટ કરીને આપણને સહાય કરી છે તેમનો, તેમજ બીજા નાની મોટી દરેક સહાય આપનાર સહાયકોનો આભાર માન્યો હતો. ત્યારબાદ મહાવીર સ્વામીની જય બોલાવી, પ્રમુખ સાહેબને અપ્રતિમ માન આપનારા જયઘોષ કરી અને પ્રમુખ સાહેબને હાર તોરા આપીને કોન્ફરન્સનું દશમું અધિવેશન સમાપ્ત થયેલું જાહેર કરવામાં આવ્યું હતું. પછી આનંદિત ચહેરે સર્વે ડેલીગેટો તેમજ વીઝીટરો વિદાય થયા હતા.

---

## રિસેપ્શન કમિટીના ચેરમેન શેઠ કલ્યાણચંદ સોભાગચંદનું સ્વાગત આપવાનું ભાષણ.

**સુજ્ઞ બંધુઓ અને બહેનો !**

અનેક પ્રકારની અગવડો વેઠી અત્રે પધારેલા કર્તવ્યનિષ્ઠ મારા ડેલીગેટ બંધુઓ ! તમને સર્વેને અત્રેની રિસેપ્શન કમિટી તરફથી અંતઃકરણપૂર્વક સ્વાગત આપતાં મને અત્યંત આનંદ થાય છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના દશમા અધિવેશનના માંગલિક પ્રસંગ ઉપર આપ સર્વેએ અનેક પ્રકારની અગવડો વેઠી તથા પોતાના કિંમતી વખતનો ભોગ આપી અમારા આમંત્રણને માન આપી અહીં પધારવાની જે તસ્દી લીધી છે, તેને માટે અત્રેના શ્રી સંઘ તરફથી હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનવાની રજા લઉં છું. આખા હિંદુસ્તાનના દૂર દૂર દેશમાં વસતા અમારા બંધુઓનો આદરસત્કાર કરવાની આવી તક અત્રેના શ્રી સંઘને અને તે દ્વારા અમારી કમિટીને મળી તે માટે હું તથા અમારી કમિટીના સભાસદો અહોભાગ્ય સમજીએ છીએ. શ્રી સંઘને તીર્થંકર મહારાજ પણ નમસ્કાર કરતા આવ્યા છે, અને સંઘભકિત એ આપણા જૈન બંધુઓ માટે અતિ અગત્યનું શ્રાદ્ધકર્તવ્ય ગણાય છે. એવી અનુપમ તક મળતાં મારા અંતઃકરણમાં પ્રગટ થતી ઉર્મિઓ હું આ પ્રસંગે છુપાવી શકતો નથી.

મને આ પ્રસંગે જણાવવું વખતસરનું જણાય છે કે મુંબઇ શહેર આવી રીતે આપ સર્વનું સ્વાગત કરે એ સર્વ રીતે યોગ્ય છે. આપણી કોન્ફરન્સ અને મુંબઇ શહેરનો જૈન ઇતિહાસ નહિ ભૂલી શકાય તેવી રીતે જોડાઇ રહેલાં છે એ આપ સર્વને સુવિદિતજ હોવું જોઇએ. આપણા પ્રાચીન તીર્થ શ્રી ફલોધિમાં આ વિજયી મહાદેવીનું સ્થાપન થયા પછી બીજેજ વર્ષ સંવત્ ૧૯૫૯ માં આપ સર્વને અત્રેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાગત કરવાનો લાભ અત્રેના શ્રી સંઘને મળ્યો હતો. તે વખતે આ સ્થાને જે ઉદારચરિત્ર સ્વાશ્રયી નરરત્ન **શેઠ શ્રી વીરચંદ દીપચંદ** સી. આઇ. ઈ. બિરાજ્યા હતા, તેમની કોન્ફરન્સ પ્રત્યેની જ્વલંત લાગણીઓ અને તમો સર્વને આદર કરવાનો અંતઃકરણપૂર્વકનો પ્રેમ હું યાદ કરૂં છું ત્યારે મારા મનમાં તેમના પ્રત્યે અનેક પ્રકારની શુભ લાગણીઓ સ્ફુરે છે. એ પ્રસંગે ભગીરથ પ્રયત્ન કરનાર અનેક કાર્યવાહકોના મોખરે **શેઠ ફકીરચંદ પ્રેમચંદ**નું નામ પણ તુરતજ લક્ષ્ય પર આવે છે. તેમના પ્રયાસથી કોન્ફરન્સ નવપલ્લવિત થઇ, તેને જળસિંચન કરવામાં આવ્યું અને ત્યારપછી તેણે જે ભગીરથ કાર્ય કર્યું છે તે વિષે હું આગળ સહજ બોલીશ.

આખા હિંદુસ્તાનના વ્યાપારના મધ્યબિંદુ સમાન અને પૂર્વ તથા પશ્ચિમના મુલકનો સંયોગ કરાવનાર આ મુંબઇ શહેરમાં આપણી વ્યાપારી કોમ સારી અગત્ય ધરાવે છે. અનેક પ્રકારની માનસિક તથા હાર્દિક શક્તિઓને ગર્ભમાં રાખવા ઉપરાંત બહારથી આકર્ષણ કરી ખેંચી લાવવાની અજબ શક્તિ ધરાવનાર આ હિંદુસ્તાનનું પ્રથમ શહેર જૈન કોમમાં પણ તેજ દરજ્જો ધરાવે છે. આપણી જૈન કોમમાં શેઠ **પ્રેમચંદ રાયચંદ** જેવા પ્રથમ દરજ્જાના વ્યાપારી આ શહેરમાં ઉત્પન્ન થયા હતા. દાનવીર, કાર્યકુશળ અને ગમે તેવી અવસ્થાંતરમાં પણ મન ઉપર અસાધારણ કાબુ રાખનાર આ નરરત્નના નામથી આપણી કોમમાં તો શું, પરંતુ ભારતવર્ષમાં ભાગ્યેજ કોઇ એવી વ્યક્તિ હશે કે જેને તેમના નામનો પરિચય થયો નહીં હોય. તેઓની જૈન કોમની મોટી સખાવતો ઉપરાંત મુંબઈ ને કલકત્તા યુનિવર્સિટીની અનેક બાદશાહી ને સાર્વજનિક સખાવતોનો ઉચ્ચ અવાજ અને વિજયવાવટો રાજાબાઇ ટાવર નિરંતર ઉડાવી રહેલ છે. આ શહેરે બીજા અનેક વ્યાપારીઓ અને વિદ્વાનોને અવકાશ આપ્યો છે. આ શહેરમાં મોટી રકમનો વ્યય કરીને **શેઠ મોતીચંદ અમીચંદે** ભાયખાળામાં દેવાલય, ઉપાશ્રય તથા ભુલેશ્વર ઉપર પાંજરાપોળ, લાલબાગ વિગેરે બંધાવી આપેલ છે; જૈન એસોસીએશનનું સ્થાપન કરનાર મર્હુમ **શેઠ તલકચંદ માણેકચંદ** જેવાં નરરત્નો અહીં થઇ ગયાં છે. આવી રીતે આ મુંબઇ શહેરને આપનો સત્કાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે અને મને સંપૂર્ણ આશા છે કે જેવી રીતે સને ૧૯૦૩ માં આ શહેરમાં મળેલા અધિવેશનને પ્રસંગે ઐક્ય અને હૃદયની ઉદારતા આપ તરફથી બતાવવામાં આવ્યાં હતાં તેવી રીતે આ વખતે પણ કોન્ફરન્સના પાયા સુદૃઢ કરવા યોગ્ય પ્રયત્ન કરશો. તેજ આશયથી આપ સર્વને સ્વાગત કરતાં અમારા અંતઃકરણમાં આનંદ થાય છે.

મુંબાઇમાં આપણી અનેક જાહેર સંસ્થાઓ આપનું ધ્યાન ખેંચે તેવી છે. અહીં મર્હુમ **શેઠ ગોકળભાઇ મુળચંદ**ની ઇચ્છાને અનુસરીને તેમના સુપુત્ર શેઠ **મણિભાઇ**એ મોટા ખર્ચથી જૈન હોસ્ટેલ ખોલ્યું છે. અહીં **બાબુ પન્નાલાલજી**ની ઇચ્છાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુસરીને તેમના સુપુત્રોએ જૈન હાઇસ્કુલ અને હોસ્પિટલ સ્થાપન કર્યાં છે. અહીં **મુનિ મહારાજ શ્રી મોહનલાલજી** મહારાજના નામથી એક સેન્ટ્રલ લાયબ્રેરી અને પાળશાળા સ્થાપવામાં આવ્યાં છે. થોડાજ વખત ઉપર અનેક શુભ ઇચ્છાઓ સાથે **શ્રી મહાવીર જૈન વિદ્યાલય** નામની સંસ્થા ખોલવામાં આવી છે. તેમજ શ્રી મુંબઇ માંગરોલ જૈન સભા, જૈન એસોશીએશન ઓફ ઇન્ડીઆ વિગેરે અનેક ખાતાંઓ અહીં કોમનું અને ધર્મનું જુદી જુદી દિશાએ કામ કરી રહ્યાં છે. આ સર્વ સંસ્થાઓનો આપને અભ્યાસ કરવાનો, નિરીક્ષણ કરવાનો અને તેમાં સૂચનાઓ કરવાનો પ્રસંગ મળશે અને તેથી સીધી રીતે અને આડકતરી રીતે આ શહેરને ઘણો લાભ મળશે. બહાર ગામથી વ્યાપાર તેમજ અભ્યાસ માટે આવતા મોટી સંખ્યાના માણસોને આ શહેરમાં અનેક જુદા જુદા પ્રકારની સંસ્થાઓની જરૂર છે અને અતિ પ્રવૃત્તિવાળા શહેરમાં એવા જુદી જુદી દિશાના પ્રયત્નોની ઘણી આવશ્યકતા છે એ બાબતમાં બે મત પડવાનો સંભવ નથી.

કોન્ફરન્સના કાર્ય સાથે હું કેટલાક વખતથી જોડાયેલ છું, તેથી તેના સંબંધમાં મારે આ પ્રસંગે કાંઇક વિવેચન સાથે કહેવું જોઇએ એમ મને લાગે છે. મુંબઇમાં કોન્ફરન્સ થઇ ત્યારથી તેની કાર્યપ્રણાલિકા હું જોતો આવ્યો છું તે ઉપરથી મારી ખાત્રી થઇ છે કે આ સંસ્થાની ઘણી જરૂરીઆત છે. આખી કોમના વિચારશીલ આગેવાનો એકત્ર થઇ પોતાની ઉન્નતિના વિચારો કરે, તેમને અમલમાં મૂકવાના માર્ગોપર લોકમત કેળવે અને યોજનાઓ ઘડે, એ કાંઇ જેવી તેવી બાબત નથી. આપણી કોમને આખા હિંદુસ્તાનને અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોપર વિચાર કરવાનું હોવા ઉપરાંત ઘણા અંગત સવાલો વિચારવાના છે. આપણી જવાબદારીઓ ઘણી મોટી છે અને આપણી વસ્તી એટલી ઘટતી જાય છે કે જો આ સુસંબદ્ધ સંસ્થામાં એકત્ર થઇ યોગ્ય નિર્ણય નહિ કરીએ તો ભવિષ્યમાં બહુ શોચનીય સ્થિતિમાં આવી પડવાનો ભય રહે છે. આપણાં અનેક તીર્થક્ષેત્રો સંબંધી વિચાર કરતાં, અનેક મંદિરોની સ્થિતિ વિચારતાં, આપણું વિશાળ શાસ્ત્રકથા અને ચરણકરણાનુયોગનું સાહિત્ય જોતાં, તેમજ જીવદયા, નિરાશ્રિત અને સાંસારિક રીતરિવાજોની સ્થિતિ વિચારતાં અને સાથે રાજ્યદરબારમાં આપણી લાગવગ જોતાં કાર્યક્ષેત્ર ઘણું વિશાળ અને એકદમ ધ્યાન પહોંચાડવાની જરૂરીઆતવાળું લાગે છે. કેળવણીના સવાલને અંગે આપણે કેટલું કરવાનું છે તે માટે આ વખતે ઘડેલા ડ્રાફ્ટ રેઝોલ્યુશનો આપણા કર્તવ્યનું ખાસ ભાન કરાવે છે. આવાં અનેક કાર્યો કરવાનાં હોય અને સાથે આપણી કોમની વસ્તી ઘટતી જતી હોય, આપણામાં સંપને સ્થાને કુસંપ જણાતો હોય તો અત્યંત ખેદપ્રદ સ્થિતિમાં આપણે આવી પડીએ એવું મારા અત્યારસુધીના અનુભવપરથી મને લાગ્યું છે. આવાં અનેક કાર્યો એક વ્યક્તિ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક શહેરથી કદિપણુ બની શકે નહિ. એને માટે પદ્ધતિસરની વ્યવસ્થા યોગ્ય શાસન નીચે રહી યોજનાપૂર્વક અને આખા જૈન ભારતવર્ષના પ્રત્યાઘોષ સાથે કરવામાં આવે તોજ વિશાળ કર્તવ્ય કાર્યોને પહોંચી વળવાનો સંભવ ગણી શકાય. વિચારશીલ મનુષ્યો સ્પષ્ટ રીતે આપણને ચેતવણી આપે છે કે હવે અંદર અંદરના નકામા અને અર્થ પરિણામ વગરના કલેશો છોડી દઇ, એકત્ર પ્રયાસ કરી, સર્વ કાર્યો હાથ ધરવાની બહુજ જરૂર છે; તેમાં પ્રમાદ કરવામાં આવશે અને ગફલતી રાખવામાં આવશે તો મોટો વારસો ગુમાવવાના કારણભુત આપણે થશું.

કોન્ફરન્સે અત્યારસુધી શું કર્યું? એવો ઘણી જગોએથી પ્રશ્ન થાય છે. જવાબમાં એણે કરેલા માનસિક પરિવર્તનના કાર્યનો સરવાળો આપી શકાય તેમ નથી. એણે વિચારવાતાવરણમાં જબરજસ્ત ફેરફાર કર્યો છે; અને તે સ્પષ્ટ રીતે આપણે જોઇ શકીએ છીએ. બાકી તેણે સ્થૂળ કાર્યો કયાં કયાં કર્યાં તે જોવું હોય તો તમારી પાસે આજે એક સિંહાવલોકન અને રિપોર્ટ રજુ કરેલ છે તે જરા તપાસી જશો, વાંચી જશો તો તમને સ્પષ્ટ રીતે જણાશે કે વર્ષોના પ્રમાણમાં કાર્ય ઘણું થયું છે. કોન્ફરન્સનો હું એક સેવક હોવાથી તે સંબંધી મારે વધારે કહેવું તે અનુચિત ધારૂં છું; પરંતુ અત્રેના કાર્યને ગણાવવા ખાતર નહિ, પણ કોન્ફરન્સની હયાતી અત્યંત આવશ્યક છે તે બતાવવા ખાતર અત્ર તેની ગણના કરવામાં આવેલ છે. તેણે કેળવણી માટે ખર્ચેલા અને ખર્ચાવેલા હજારો રૂપિયા તરફ આપનું ધ્યાન ખેંચીશ. કેળવણીની પાછળ ખર્ચાયલી બાદશાહી રકમથી અનેક જૈનોએ શિક્ષણ લીધું છે, તેઓ રસ્તે ચઢ્યા છે અને કોમની સેવામાં પોતાનો ફાળો આપતા થયા છે. કોન્ફરન્સની હયાતી પહેલાં યુનિવર્સિટિમાં જૈન સાહિત્ય તરફ ઉપેક્ષા હતી, તે તેણે દાખલ કરાવ્યું છે. કોન્ફરન્સને અંગે હયાતીમાં આવેલ ગ્રેજ્યુએટ્સ એસોસીએશને તે કાર્ય બજાવ્યું છે. તે ઉપરાંત જૈનોના તહેવારોને દિવસે રજા મેળવવાનું કાર્ય પણ તેજ સંસ્થાએ કર્યું છે. પાછળથી તે કામમાં ફેરફાર થયો છે તે આપણા એકત્ર અવાજથી સુધરાવવાનો છે. કોન્ફરન્સે અત્યારસુધીમાં આપણાં અનેક તીર્થોના હકોના સંબંધમાં જુદી જુદી બહુ દિશાએ કામ કરી બતાવ્યું છે; તથા સીધી અને આડકતરી સહાય આપી હકો જાળવી રાખ્યા છે. પૂર્વ અને મારવાડ તેમજ અન્ય સ્થળોમાં અનેક દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવામાં મદદ આપવા ઉપરાંત એક મંદિરાવળીનું પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. પુસ્તકભંડારોની ટીપ કરાવી જૈન ગ્રન્થાવળી તૈયાર કરાવી છે. આપણા આબુ પર્વતપર આવેલા કીર્તિસ્થંભોમાં જે હૃદયભેદક આશાતના થતી હતી તે આ મહાદેવીના પ્રયાસથી અટકી છે અને તેથી આપણાં પચાસ વર્ષનાં દુ:ખ અને ફરિયાદ દૂર થયાં છે. આપણી મહાદેવીએ એક એજ્યુકેશન બોર્ડ સ્થાપન કર્યું છે, તે પુરૂષ અને સ્ત્રી તેમજ કન્યાની ધાર્મિક શિક્ષણને અંગે દર વરસે પરીક્ષા લઇ ઈનામો અપાવે છે અથવા આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવદયાના મહાન્ કાર્યને વિજ્ઞાનની પદ્ધતિપર મૂકી પરીક્ષાઓ દ્વારા, ઈનામ દ્વારા અને અહિંસાનું જ્ઞાન ફેલાવનારાં પુસ્તકો, પત્રો તથા જાહેર ખબરો છપાવી અહિંસાના કાર્યને અર્વાચીન નવીન રીતિ પર મૂકવાની શરૂઆત આ સંસ્થાએજ કરી હતી. દશેરા વખતે પત્રો લખી, માન આપી રાજરજવાડામાં થતો પશુવધ અટકાવવાનો પ્રયાસ પણ આ સંસ્થાએજ આદર્યો હતો. તે સર્વમાં કેટલેક અંશે તેણે વિજય પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત અનેક બાબતોમાં ચળવળ ઉત્પન્ન કરી લોકમત કેળવી લગભગ દરેક ઉપયોગી જૈન બાબત આ સંસ્થાએ અત્યાર સુધીમાં ઉપાડી લીધી છે. આ પ્રમાણે કોન્ફરન્સે અનેક કાર્યો અત્યાર સુધી કર્યા છે.

કેટલીક વખત ધારેલ કામ ન થાય તો તેનું કારણ આપણેજ છીએ. આપણે સર્વ કાર્ય કરીએ તો કોન્ફરન્સ કાર્ય કરે; તેને ગતિમાં મૂકનાર તો આપણેજ છીએ. એથી મને તો એક રીતે એમ લાગે છે કે કોન્ફરન્સના કાર્ય પર આક્ષેપ કરવો એ આપણા પોતા ઉપર આક્ષેપ કરવા જેવું છે. કોન્ફરન્સે ઘણું કર્યું છે અને તેથી ઘણું વધારે કરી શકે તેવી તેનામાં આંતરગત શક્તિઓ છે, તેનું બંધારણ એવા વિશાળ પાયા પર છે, માત્ર તેને કાર્ય કરનારાઓનો ખપ છે, તે માટેની સર્વ જવાબદારી આપણા સર્વ ઉપરજ છે.

મારે આ પ્રસંગે એક બાબત જરા સ્પષ્ટ કરીને કહેવાની જરૂર છે. જેમ કોન્ફરન્સથી ઘણા લાભ થવાનો સંભવ છે અને અત્યાર સુધીમાં તેનાથી ઘણા સ્પષ્ટ લાભો થયા છે તેમ તેના કાર્યને વ્યવહારમાં મૂકતાં એક બાબતની ખાસ સંભાળ રાખવાની જરૂર છે. કોન્ફરન્સ દેવીને પોતાના ખાનગી સ્વાર્થ કે નજીવી ખટપટનું સાધન બનાવી દેવાથી તેનામાં જે કાર્ય કરવાની શક્તિ છે તેનો ધ્વંસ થાય છે. કોન્ફરન્સનું મુખ્ય કાર્ય યોગ્ય સૂચના દ્વારા વિચારવાતાવરણમાં ફેરફાર કરાવવાનું છે; તેનો ઉદ્દેશ પૂર્વ પશ્ચિમના સંક્રાન્તિકાળમાં પૂર્વના પ્રાચીન ઇતિહાસનું ગૌરવ વધારે તેવી રીતે પશ્ચિમના નવીન પ્રવાહનું સંમેલન કરાવવાનો છે; તેનું સાધન લોકમત કેળવવામાં અને કર્તવ્યદિશા બતાવવામાં છે; અને તેની ફલાવાપ્તિ આપણી કર્તવ્યપરાયણતામાં છે. આ ઉદ્દેશ વિસરી જઇ જો તેને એકદેશીય બનાવવાનો અથવા એકતરફી કરવાનો કોઇપણ પ્રયાસ કરવામાં આવશે તો તેના મૂળ ઉદ્દેશને ક્ષતિ પહોંચશે; અને તેટલે અંશે આપણે જે મહાન્ સંદેશો જગતને કહેવો છે, વીર પરમાત્માનો ઝુંડો જગતમાં સર્વત્ર ફેલાવી વિજય પ્રાપ્ત કરવો છે તેમાં હાનિ પહોંચશે. આ બાબત ખાસ લક્ષ્યમાં રાખવા હું આપને પુનઃ પુનઃ પ્રાર્થના કરૂં છું. કોઇપણ ખટપટી સવાલો કે વૈમનસ્ય ઉત્પન્ન કરે તેવા તકરારી પ્રશ્નોમાંથી આ સંસ્થાને ખાસ દૂર રાખવાની એટલા માટે જરૂર છે કે એવા કાર્યમાં ઉતરવું એ એનો ઉદ્દેશ નથી. એની કાર્યપ્રણાલિકામાં એવા કાર્યનો બહુધા અભાવ છે. એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશાએ કામ લેવાથી જે મહાન્ હેતુથી તેને સ્થાપન કરવામાં આવી છે તે પાર પડવાનો સંભવ જરાપણ નથી. આ બાબત આપના મન ઉપર વારંવાર ઠસાવવાની મને બહુ જરૂર જણાય છે. એ સૂત્ર ધ્યાનમાં રાખવાથી આપણે થોડા વખતમાં ઘણું કાર્ય કરી કોમને અને ધર્મને વધારે ગતિમાન્ કરી શકશું, અનેક ઉપયોગી સવાલો પર ધ્યાન પહોંચાડી શકશું અને વિશુદ્ધ દિશા પર પ્રયત્ન કરી સીધા રસ્તે આગળ વધતાં આપણુને ખાડા ખરાબાનો ભય રહેશે નહિ. આ આપણી મહાન્ સંસ્થાનો ઉદ્દેશ છે અને એને લક્ષ્યમાં રાખવાની અત્યારે આપણુને ખાસ જરૂર છે.

આપણી કોમમાં અત્યારે જે બે મુખ્ય પ્રશ્ન પર ધ્યાન આપવાનું છે તે આપણી આગળ આ સંસ્થા લાવે છે અને આ અધિવેશનમાં પણ લાવશે. પ્રથમ અગત્યનો પ્રશ્ન કેળવણીનો છે. કેળવણીના વધારા સાથે આપણી પ્રગતિનો ખાસ સંબંધ છે અને તેને માટે અનેક પ્રયત્નો કરી મોટા પાયા ઉપર કાર્યો કરવાની જરૂર છે. આ પ્રશ્ન પર આ અધિવેશનમાં મુખ્યત્વે કરીને વિચાર કરવાનો હોવાથી માત્ર તેનો નામનિર્દેશ કરી બીજી તેટલીજ અગત્યની બાબત પર આપનું ધ્યાન ખેંચીશ. તે બીજી બાબત તે આપણી ઘટતી જતી વસ્તીની છે. આપણે મંદિર, શાસ્ત્રો કે કેળવણીને અંગે ગમે તેટલા નિર્ણયો કરીએ, પણ જ્યાંસુધી આપણુને ક્ષય રોગ લાગુ પડ્યો હોય, આપણી સંખ્યા દર વર્ષે નિયમિત ટકાઓમાં ઘટતી જતી હોય, ત્યાંસુધી આપણે જરાપણ વધી શકીએ એ અસંભવિત છે. વસ્તીપત્રક જોતાં જણાય છે કે આપણે સમૂહબળમાં દર વર્ષે ઘટતા જઇએ છીએ, આપણી કોમમાં ગમે તે કારણોથી મરણપ્રમાણ બહુ વધારે આવે છે અને આપણી સ્ત્રીઓ અને બાળકો નાની વયમાં ચાલ્યા જાય છે. આ સંબંધમાં વસ્તીના વધારા માટે આપણે અનેક દિશાએ કાર્ય કરી શકીએ. આવા જ્ઞાનના જમાનામાં આપણે ઘણા માણસોને વીર પ્રભુના સંદેશા કહી સંભળાવીએ, તેઓની સ્યાદ્વાદ, નયનિક્ષેપગર્ભિત વાણીને વિસ્તારી શકીએ અને અલ્પ પ્રયાસે અનેકને જૈન બનાવી શકીએ તેવા સંજોગો છે, રાજ્યની અનુકૂળતા છે, તત્ત્વજ્ઞાન નવીન તર્કપદ્ધતિને બંધબેસતું છે, સર્વ સંજોગો અનુકૂળ છે, તેથી આ વખતનો ખરેખરો લાભ લેવાની આપણુને જરૂર છે. અર્થ વગરના ઝગડાઓમાં નકામો શક્તિ અને ધનનો દુરૂપયોગ કરવાને બદલે આ કાર્ય ઉપાડી લેવાની જરૂર છે. આ બે અગત્યની બાબત માત્ર સૂચવીને હું હવે મારા વિષયના છેવટના ભાગ પર આવીશ.

જે અલ્પ કાર્ય આ સંસ્થા દ્વારા બની શક્યું છે તેટલાથી સંતોષ માની બેસી રહેવાનું નથી, હજુ ઘણું કરવાનું બાકી છે. તે માટે સર્વેએ એકસંપ થઈ કામ હાથ ધરવાની ખાસ અગત્ય છે. આપણે એકત્ર બળથી ઘણું કામ કરી શકશું, આપણો એકત્ર અવાજ બહુ દૂર સુધી સંભળાશે, આપણો સુસંબદ્ધ ધ્વનિ દિગંતમાં ગાજશે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણો એકત્ર પ્રયાસ બહુ સુંદર ફળો નીપજાવી શકશે; માટે હવે પ્રમાદ છોડી કર્તવ્યનિષ્ઠ બનવાની ખાસ જરૂર છે. થોડા સમયમાં જે કાંઈ પરિણામ આપણે નીપજાવી શક્યા છીએ, તે ભવિષ્યને માટે સારી આશાઓ આપનાર છે.

આ વખતની કોન્ફરન્સ જેમ બને તેમ ઓછા દબદબા સાથે કરવી એવો પ્રથમથી આપણા અગાઉના ઠરાવ પ્રમાણે નિર્ણય હતો. સને ૧૯૦૩ માં મુંબઈમાં કોન્ફરન્સ મોટા દબદબા સાથે ભર્યા પછી તેનો ખર્ચ ઉત્તરોત્તર વધતો ગયો અને વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર તથા પુના ખર્ચની બાબતમાં કેટલા વધતા ગયા તે આપે જોયું હશે. શરૂઆતમાં હીલચાલને લોકપ્રિય બનાવવા માટે એવા ખર્ચની જરૂરીઆત હતી. હવે આપણે વધારે ગંભીરપણે કામ હાથ લેવા માટે ખર્ચને જેમ બને તેમ ઓછી હદમાં રાખવાની જરૂર સ્વીકારાયલી હતી. બીજા શહેર કરતાં મુંબઇજ તે બાબતમાં દાખલો બેસાડે તે વધારે યોગ્ય ગણાય. કારણ કે જે શહેરથી ખર્ચ વધવાની શરૂઆત થઈ હતી ત્યાંથીજ ખર્ચ ઓછો થવાની શરૂઆત થવી જોઇએ; તેથીજ આપ અત્રે સાદાઇને તેના સંપૂર્ણ સ્વરૂપમાં સર્વ વ્યવસ્થામાં જોશો. કોન્ફરન્સની વધારે ગંભીર ફરજો વિચારતાં આપણને હવે બાહ્ય શોભા પર દુર્લક્ષ આપવાનો વખત આવી પહોંચ્યો છે. આ શરૂઆત કરી છે તેનો ઉદ્દેશ એ છે કે ગમે તેટલી નાની વસ્તીવાળું શહેર કે ગામ ભવિષ્યમાં કોન્ફરન્સને બોલાવી શકે એવી યોજના કરી દેવી. મુંબઇ શહેરના પ્રમાણમાં સાદાઇ રાખી શકાય તેટલી રાખવા યત્ન કર્યો છે. આ વખતની કોન્ફરન્સમાં કોઈ પણ વિવાદગ્રસ્ત કે તકરારી પ્રશ્ન ન ચર્ચાય તે જરૂરી લાગવાથી અમે ઠરાવોના ખરડામાં એવો કોઈ પ્રશ્ન લીધો નથી. કયા અને કેવા પ્રશ્નો લેવા તે સબજેક્ટ્સ કમિટી નિર્ણય કરશે. અમારી બીજી મજબુત ઇચ્છા એ હતી કે કોન્ફરન્સનું બંધારણ જેમ બને તેમ સંગીન થાય અને તે પર પૂરતો વિચાર થાય તે માટે આ વખતે ખાસ લક્ષ્ય આપવું અને કેળવણીના મુખ્ય સવાલને પ્રથમ સ્થાન આપવું. આ ધોરણપર અમે કામ કીધું છે, તેથી કોઇ જગોએ આપનું સ્વાગત જેવું જોઇએ તેવું ન થયું હોય, આપની સગવડ પૂરતી જળવાઈ ન હોય તો અમને ક્ષમા કરશો.

ઘણું થોડું બોલવાનો વિચાર હતો છતાં વધારે બોલાઇ ગયું છે. હવે આપની અને આપણા શ્રીમાન્ પ્રમુખ સાહેબ જેઓનું સુંદર સુભાષિત શ્રવણ કરવા આપ ઉત્સુક થઇ રહ્યા હશો તેની વચ્ચે હું વધારે આવવા ઇચ્છતો નથી. આપનું ફરીવાર સ્વાગત કરતાં મને અત્યંત આનંદ થાય છે. બહુ થોડા વખતમાં કાર્ય કરવાનું હોવાથી તેમજ ઘણા ઓછા ખર્ચમાં કાર્ય પાર ઉતારવાની ઇચ્છાથી અમારી અનેક ભૂલો થઈ જવાનો સંભવ છે. અમારી અનેક સ્ખલનાઓને ક્ષંતવ્ય ગણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ અમારો અંતરનો ભાવ સ્વીકારશો અને આપે અત્રે પધારી અત્રસ્થ શ્રી સંઘને જે માન આપ્યું છે તે વાસ્તે તેના તરફનો મારો ધન્યવાદ વધાવી લેશો.

રા. રા. **બાલાભાઇ મનગલાલ નાણાવટી** સાથે આપને વિશેષ પરિચય કરાવવાની જરૂર નથી. તેઓ આપણા ઉપર અનેક પ્રકારનો સીધી અને આડકતરી રીતે ઉપકાર કરનાર, રાજ્યના જૈન ભંડારોને પ્રસિદ્ધિમાં લાવનાર લોકપ્રિય નામદાર ગાયકવાડ સર સયાજીરાવના માનીતા વૈદકીય સલાહકાર અને વિદ્વદ્રત્ન છે. તેઓએ અત્યાર સુધી અનેક શુભ કાર્યોમાં સીધી અને આડકતરી રીતે ધ્યાન આપ્યું છે અને કોમસેવા કરવા ઉદ્યુક્ત થયા છે. એવા લાયક નરને આપ પ્રમુખ તરીકે મેળવવા ભાગ્યશાળી થયા છો એ અત્યંત આનંદની વાત છે. આપ સર્વને રિસેપ્શન કમિટી તરફથી ફરીવાર આદર આપતાં મને ઘણો આનંદ થાય છે. હવે આપ પ્રમુખ સાહેબની રીતસરની ચુંટણી કરવાનું કાર્ય હાથ ધરશો એટલી વિજ્ઞપ્તિ કરી આપ સાહેબ પાસે સ્વાગતને અંગે થયેલી અથવા થઇ જાય તેવી સ્ખલનાઓ માટે ક્ષમા ચાહી મારૂં વક્તવ્ય પૂર્ણ કરીશ.

# श्री दशमी जैन श्वेतांबर कॉन्फरन्सना प्रमुख रा. रा. बालाभाइ मगनलाल नाणावटीनुं भाषण.

मंगलं भगवान् वीरो, मंगलं गौतम प्रभुः ।
मंगलं स्थूलिभद्राद्या, जैन धर्मोऽस्तु मंगलं ॥

**જૈન બંધુઓ, ભગિનીઓ અને ગૃહસ્થો !**

આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે દૂર દૂર પ્રદેશોમાંથી આપ સર્વેને આટલી મોટી સંખ્યામાં અત્રે પધારેલા જોઇ મને અત્યાનંદ થાય છે. આજની શ્રી દશમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પ્રમુખપદ મને આપવા માટે હું જૈન કોમનો અને ખાસ કરીને મુંબાઇના શ્રી સંઘનો ખરા અંતઃકરણથી આભાર માનું છું. આ કોન્ફરન્સનું પ્રમુખસ્થાન લેવા માટે જ્યારે મને કહેવામાં આવ્યું ત્યારે મારા મનમાં કેટલીક આનાકાની થઇ હતી; કારણકે કોન્ફરન્સ કેટલાક વર્ષની વિશ્રાંતિ પછી ગયે વર્ષે મળી હતી, છતાં આ વર્ષે તે ફરીથી મળી શકશે કે કેમ તે બાબત ઘણા તરફથી શંકા બતાવવામાં આવતી હતી; પણ મુંબાઇના કેટલાક આગેવાનો અને તેમાં ખાસ કરીને યુવાનવર્ગનો દૃઢ નિશ્ચય અને ઉત્સાહ જોવામાં આવ્યો ત્યારે તેમના આમંત્રણનો અસ્વીકાર કરવો એ આ ઉત્તમ સંસ્થાનો તેમજ તેના ઉત્તમ કાર્યવાહકોનો અનાદર કરવા જેવું મને લાગ્યું, અને કેટલાક પ્રતિકુળ સંજોગો છતાં, તેમજ આવા મહાન્ કાર્ય માટે પૂરતી રીતે હું લાયક નહિ હોવા છતાં મારી શક્તિ મુજબ તેમાં ભાગ લેવો એ મારી ફરજ સમજી આપનું આમંત્રણ મેં સ્વી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યું. અને મને સંપૂર્ણ આશા છે કે આપ સર્વેની મદદથી આપણે હાથમાં લીધેલું આ શુભ કાર્ય નિર્વિઘ્ને પાર પડી અવશ્ય ફળદાયી નીવડશે.

**લડાઇ.** ૨. ગઇ સાલની માફક આ વર્ષે પણ આપણે યુરોપમાં ચાલતા મહા યુદ્ધના સમયમાંજ મળ્યા છીએ; અને દિલગીરીની સાથે કહેવું પડે છે કે એ લડાઇનો અંત આવતો નથી તેમજ હજી કંઇ છેડો પણ દેખાતો નથી. આવા મહાન્ વિગ્રહમાં આપણા રાજકર્ત્તા અને તેમનાં મિત્રરાજ્યો દુશ્મનોના જોરને તેમજ તોરને દાબી દેવાને પ્રયત્નો કરી રહ્યા છે, તેમાં તેમની સંપૂર્ણ ફત્તેહ ઇચ્છીએ છીએ અને આશા છે કે આપણે ફરીથી મળીશું તે પહેલાં આ મહા સંહારનો અંત આપણા બ્રિટીશ સામ્રાજ્યને અનુકૂળ આવશેજ.

## કોન્ફરન્સને મુંબાઇની મદદ.

૩. આપણી આ કોન્ફરન્સની શરૂઆત મારવાડમાં ઇ. સ. ૧૯૦૨ માં શ્રીયુત્ ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રયાસથી નાના પાયા ઉપર કરવામાં આવી હતી, અને તેને દૃઢ બનાવી આગળ ચલાવવાનું માન મુંબાઇના શ્રી સંઘને હતું. તે પછી આઠ વર્ષ જૂદે જૂદે ઠેકાણે મળ્યા પછી થોડા વર્ષના ગાળા બાદ, ગયે વર્ષે મારવાડમાં જ તેનો પુનરૂદ્ધાર થયો હતો. તે પછી તુરતજ મુંબાઇમાં ફરીથી આ કોન્ફરન્સ મળી છે. પ્રથમ તેને જેમ મુંબાઇ તરફથી સંપૂર્ણ મદદ મળી હતી, તેમજ આ વર્ષે પણ મળી છે એ ઘણા સંતોષની વાત છે. આ કોન્ફરન્સનું ઘણુંખરૂં કામ મુંબાઇમાંજ થાય છે એટલે મુંબાઇ નગર એ તેનું પોષક છે એમ કહીએ તો ચાલે, અને તે હમેશાં માનને પાત્ર રહેશેજ એવી આપણે ઇચ્છા રાખીશું.

## આ કોન્ફરન્સની જરૂરીયાત.

૪. હાલના જમાનાની પ્રવૃત્તિ જોતાં આપણી કોમને કોન્ફરન્સ વગર ચાલે તેમ નથી. કોન્ફરન્સથી જૈન કોમની છુટીછવાઇ નાની નાની ન્યાતો, તેનાં મંડળો અને સંઘોનો સમૂહ મજબૂતાઇથી એક થયેલો જોઇ શકાય છે, અને આગળ વધીને એટલે સુધી પણ કહી શકાશે કે કોન્ફરન્સ એ જૈન કોમનું **જીવનબળ** છે. કોમની અંદર જે અનહદ શક્તિ, ગૌરવ, સામાજીક બળ અને પ્રગતિનો જુસ્સો આવી રહેલાં છે, તે દર્શાવનારી સંસ્થા કોન્ફરન્સ છે. તે જૈન કોમના ઉત્તમ વિચારો, ઉત્તમ કેળવણી, સામાજીક સુધારો અને અનહદ ધર્મજ્ઞાન પ્રવર્ત્તાવનાર મંડળ છે. જે કોમ આગળ વધવાનો દાવો કરે, અગર તો આગળ વધવાના પ્રયત્નો કરે તેને આવી સંસ્થાની ખાસ જરૂર છે. સમાજની ઉન્નતિના કામમાં તીવ્ર લાગણી અને ઉત્તમ આશયોવાળા થોડા માણસો છુટાછવાયા પ્રયત્નો કરી શકે ખરા, પણ તેમના કામમાં સરળતા કરી આપવા સમસ્ત કોમનું બંધારણ અને મદદ ન હોય તો આવા પ્રયત્નો ઘણીવાર નિષ્ફળ જાય છે; અને તેમનું કામ ચિરસ્થાયી થઇ શકતું નથી, માટે સમસ્ત જૈન કોમની ઉન્નતિના ઉત્તમ વિચારો આગળ લાવી તેને વ્યવહારૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપમાં આણનાર આ સંસ્થાની કેટલી બધી જરૂર છે તે હરકોઈ વિચારવંત માણસ સમજી શકશે. કેટલાક માણસો આ કોન્ફરન્સની જરૂરીયાત બાબત શંકા બતાવતા જોવામાં આવ્યા છે, પણ જો તેમણે કોન્ફરન્સ ઓફીસ તરફથી પ્રસિદ્ધ થયેલા રીપોર્ટો વાંચ્યા હોત, અને કોન્ફરન્સની છેલ્લી નવ બેઠકોમાં પસાર થયેલા ઠરાવો એક સાથે જોયા હોત, તો તેમને કોન્ફરન્સ પર અવિશ્વાસ અગર અશ્રદ્ધા લાવવાનું કારણ રહેત નહિ. વળી જૈન કોન્ફરન્સ હિંદુસ્તાનમાં મળતી બીજી ઘણી ખરી કોન્ફરન્સોની માફક માત્ર ત્રણ દિવસ મળી ઠરાવો કરી વિખેરાઈ જનારી સંસ્થા નથી. આ સંસ્થા કોમના હિતાર્થે હરહમેશ કામ કર્યાં કરે છે. તેની મુખ્ય ઓફીસ તરફથી કોમની પ્રગતિના વિચારો સતત્ થયા કરે છે અને તેને અમલમાં મૂકવામાં આવે છે, અને તેના પરિણામે જે સંખ્યાબંધ કાર્યો કરવામાં આવ્યાં છે, તે ઉપરથી તેનું કાર્યક્ષેત્ર કેટલું વિશાળ થયું છે તે જોઈ શકાય છે. તેના કાર્યવાહકો દૃઢ નિશ્ચયવાળા હોઇ સતત્ કામ કર્યાં જાય છે, છતાં તેમના કામમાં કાંઇ ન્યુનતા જણાતી હોય તો તે તેમની કાર્યશક્તિનો અભાવ, ઉચ્ચાશયોની ખામી, અગર એવાં બીજા કારણોને લીધે નહિ, પણ નાણાંની તંગી અને કોમની સંપૂર્ણ સહાનુભૂતિ (moral support) ના અભાવને લીધેજ છે.

૫. કોન્ફરન્સ ઑફિસ તરફથી કોમના ઉદયના ઘણા સવાલો હાથ ધરવામાં આવ્યા છે. તેના ભગીરથ પ્રયત્નને લીધેજ જૈન સાહિત્ય, જૈન તહેવારો, આબુના દેરાસરની પવિત્રતા, વાંચનમાળામાં દાખલ થયલા જૈન પાઠો વિગરે બાબતો ઉપર સવળતા (concessions) મેળવાઈ સરકાર તરફથી તેમજ યુનિવર્સિટી તરફથી કોમનો મરતબો (status) સ્વીકારવામાં આવ્યો છે, તેમજ કોમની ધાર્મિક, આર્થિક અને સામાજીક ઉન્નતિ માટે ઘણાં ઉપયોગી કામો થયાં છે. કોમનાં ધાર્મિક અને કેળવણીનાં ફંડો ઉપર દેખરેખ રાખવાનાં, જૈન ચૈત્ય અને પ્રાચીન સાહિત્યોદ્ધારના તથા કેળવણીનો પ્રસાર કરવાના તથા ભાષણોદ્વારા લોકમત કેળવવાનાં, ઘણા પ્રયત્નો તેના તરફથી કરવામાં આવ્યા છે. કોમની ડિરેક્ટરી, મંદિરાવળી તથા ગ્રંથાવળી ઘણા પરિશ્રમે તૈયાર કરવામાં આવી છે, અને તેને અંગે ઉપયોગી માહિતીનો સંગ્રહ થઇ શકયોછે.

૬. આ પ્રસંગે કૉન્ફરન્સ તરફથી કરવામાં આવેલાં દરેક કામની ગણના કરવાનો અવકાશ નથી, પણ જેને આ સંબંધમાં વધુ માહિતી મેળવવાની ઇચ્છા હોય તેને માટે કોન્ફરન્સ ઓફીસ તરફથી ઘણા પરિશ્રમે અને ઉત્તમ રીતે તૈયાર કરેલા રીપોર્ટો મોજુદ છે. જુદા જુદા ગામના સંઘ અને સંસ્થાઓ તરફથી આજસુધીમાં આ બાબતોને લગતું ઘણું સંગીન કામ કરવામાં આવ્યું છે, પણ તે કામ સંકુચિત ક્ષેત્રવાળું અથવા તો અમુક વિષયને લગતું હોવાથી તે જોઇએ તેટલું વિશાળ ગણાય તેવું થયું નથી. કોમના હિતના કેટલાક સવાલો એવા હોય છે કે, કોમ સમસ્તેજ તે હાથ ધરવા જોઇએ, અને વ્યકિત, ગામ, સ્થાનિક સભા અગર તો સંઘના પ્રયત્નો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૉન્ફરન્સની પ્રવૃત્તિને પોષક હોવા જોઇએ. અલબત્ત અત્યાર સુધીમાં કૉન્ફરન્સ તરફથી જે કામ થયું છે તે જરૂરીઆતના પ્રમાણમાં થોડું કહેવાય, કારણ કે તે શરૂઆતનું છે. કોમની ઉન્નતિ માટે ઘણા અગત્યના સવાલો હાથ ધરવાના હજી બાકી છે. (૧) આપણા પ્રાચીન ધર્મનાં ઉત્તમ સિદ્ધાંતો કોમનાં દરેક સ્ત્રી પુરૂષને શીખવવાના છે, એટલુંજ નહિ પણ દુનિયાના બીજા ધર્મના લોકોની જાણમાં પણ લાવવાના છે. (૨) જૈન કોમ વેપારી અને સાહસિક છે, તેથી તે હુન્નર, ઉદ્યોગ અને વેપારમાં જમાનાને અનુસરી આગળ વધે, તેમજ (૩) સમાજના રીત રિવાજોમાં અને જ્ઞાતિબંધારણોમાં સુધારો કરી તે બધાં કોમની ધાર્મિક, આર્થિક અને શારીરિક ઉન્નતિમાં સહાયકારક થાય તેવા ઉપાયો યોજવાના છે. (૪) આપણી કોમમાં શિક્ષણ હજી ઉચ્ચ સ્થિતિમાં લાવવાનું છે, આપણી ઉન્નતિ કેવી રીતે કરવી, અને કાર્ય કેવી રીતે આગળ વધારવું તે માટે આપણામાં ઉચ્ચ આશયોની ન્યૂનતા નથી. આપણા પ્રાચીન જ્ઞાનભંડાર, આપણો સુજ્ઞ મુનિગણ અને આપણો કેળવાયલો વર્ગ આપણને ઉત્તમ વિચારો અને માર્ગો બતાવી શકે તેમ છે. ખામી માત્ર એટલીજ છે કે તે વિચારો હજી આપણને સંપૂર્ણ રીતે આત્મસાધ્ય થયા નથી, અને તેથી કોમના હિતના મહત્વના સવાલો ઉપર જોઇએ તેવું લક્ષ અપાતું નથી અને તેથીજ લોકોમાં નજીવી બાબતોમાં પણ કુસંપ અને કજીયા જોવામાં આવે છે. એ કારણને લીધેજ સમગ્ર બળથી થઈ શકે તેવા એકત્ર વિચારના અને વ્યવસ્થિત (concerted & well organised) પ્રયત્નો આપણામાં જોવામાં આવતા નથી. ઉચ્ચ આશયોનું વાસ્તવિક જ્ઞાન કરાવવું અને કોમના હિતનાં જરૂરનાં કામો માટે સમાજમાં સંપ કરાવવો એ બે કોન્ફરન્સે કરવાનાં કામોમાં મુખ્ય ગણવા જેવાં છે. આ કામ કરવામાં કોન્ફરન્સ ફતેહમંદ નીવડે તો તેણે પોતાનો હેતુ સાધ્ય કર્યો છે એમ સમજવાને તથા માનવાને કાંઇ હરકત જેવું જણાતું નથી.

**ધાર્મિક જીવન.** ૭. આપણે આપણા ધાર્મિક જીવનની બાબતનો વિચાર કરીએઃ–

(ક) **પુસ્તકોદ્ધારઃ**—આપણા પૂર્વાચાર્યોએ જીવનના દરેક વિષય ઉપર ઉત્તમ ગ્રંથો રચ્યા છે, તે પૈકી કેટલાક આપણી બેદરકારીને લીધે નષ્ટપ્રાય થયા છે, જ્યારે બીજા હજી ભંડારોમાં ઉધાઇ ખાય છે, અને લોકોની જાણમાં આવવા પામ્યાજ નથી, અને જે આવ્યા છે તે પૈકી ઘણાખરાના દેશી ભાષામાં ભાષાંતરો થયાં નથી. નાહક કજીયા લઢવામાં, જૈન શાસનની ખોટી મહત્તા બતાવવામાં, અને ખર્ચાળ ન્યાતિ રિવાજોની તાબેદારી ઉઠાવવામાં જૈન કોમ પ્રતિ વર્ષ લાખો રૂપિયા ખર્ચી નાંખે છે, પણ જે જ્ઞાનને માટે આપણે મગરૂર થઇએ છીએ, જે ધર્મને લીધે આપણે આ ભવ કૃતાર્થ માનીએ છીએ, અને શ્રીમદ્ મહાવીરસ્વામીના પુત્રો કહેવરાવવા માટે આપણે આપણને ભાગ્યશાળી ગણીએ છીએ, તે જ્ઞાન અને ધર્મનાં પુસ્તકો અંધારામાં નાંખી મૂકવામાં આપણને કોઇ જાતનો આંચકો આવતો નથી, કે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણું અંતઃકરણ દુઃખાતાં નથી, એ બહુ શોકજનક છે. પુસ્તકો સુરક્ષિત રાખી તેનો ઉપયોગ બહોળો થાય તેવા ઉપાયો યોજવામાં આપણને પૂરતાં નાણાં મળતાં નથી, પણ જે ન્યાતવરા કરવા હોય, ગામ જમાડવું હોય, વરઘોડા કાઢવા હોય અગર નિરર્થક ધાર્મિક કજીયા લઢવા હોય તો આપણને નાણાંની ખોટ કદી પણ પડતી નથી. માટે ગ્રંથોદ્ધારની ઘણી મહત્વની બાબત ઉપર આપણે ખાસ લક્ષ આપવાનું છે, અને તે માટે બનતા પ્રયત્નો કરવાના છે.

**(ખ) ધર્મ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન.**

૮. પુસ્તકોદ્ધાર સિવાય જૈન ધર્મનું પ્રાચીન તત્ત્વજ્ઞાન સંપૂર્ણ પ્રકાશમાં આવી શકશે નહિ. આ તત્ત્વજ્ઞાન સહેલાઈથી સમજી શકાય તે માટે તેનાં ગુજરાતી ઇંગ્રેજી તથા બીજી ભાષાઓમાં સરળ ભાષાંતર કરાવી નાનાં નાનાં પુસ્તકો છુટથી ફેલાવવાની ખાસ જરૂર છે. આપણા સંસ્કૃત અને માગધી ભાષામાં લખાયલાં ગૂઢ સિદ્ધાંતો યથાર્થ સમજવાને હાલના સંયોગોમાં દશ-પંદર પુસ્તકોનો અભ્યાસ કરવા જેટલો સમય દરેક જણને ન મળી શકે એ સ્વાભાવિક છે. ચાલુ જમાનામાં દરેક માણસને ઉદર નિર્વાહાર્થે ઘણો અભ્યાસ તથા પરિશ્રમ કરવો પડે છે એવા વખતમાં તેમને સંસ્કૃત અથવા માગધી પુસ્તકોનો અભ્યાસ કરવો એ સંભવિત નથી. આ ઉપરથી કહેવાનો આશય એવો નથી કે કોઈએ સંસ્કૃત અગર માગધી ભાષાનો અભ્યાસ ન કરવો કે કરવાની જરૂર નથી, પણ સાધારણ અભ્યાસનો બોજો વધતો જાય છે, શારીરિક સ્થિતિ બગડતી જાય છે, તેમજ જગતમાં ચાલતી દરેક જાતની પ્રવૃત્તિઓ દરેક માણસ ઉપર જુદી જુદી રીતે અસર કર્યા કરે છે, એવા વખતમાં ઉત્તમ પણ અતિ પરિશ્રમે સમજી શકાય એવાં પુસ્તકોનું અધ્યયન કરવાનું ઘણા થોડાથીજ બની શકે. **જૈન કોમ કેવળ નિરક્ષર નથી,** તો પણ હાલના જમાનાના જીવનનું ધોરણ ( standard ) જોતાં તે શિક્ષિત છે એમ પણ કહી શકાય નહિ. તે સાથે તેના ઉપર પાશ્ચાત્ય વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની ઘણી અસર થયેલી નથી. તેથી હજી ધાર્મિક ક્રિયા અને પૌરાણિક દેવકથાઓ ( mythology ) ઉપર ઘણાની શ્રદ્ધા રહેલી છે, જેથી કરીને સિદ્ધાંતોનું જ્ઞાન પૂરૂં નથી તે એકદમ જણાઈ આવતું નથી; પણ જેમ જેમ નવા જમાનાની કેળવણી વધતી જશે તેમ તેમ ક્રિયાઓ ઉપર અણગમો આવતો જવાનોજ. તેવે વખતે સહેલાઇથી સમજી શકાય એવા સ્વરૂપમાં ધાર્મિક સિદ્ધાંતો મૂકવામાં નહિ આવે તો હવેનો ઉછરતો વર્ગ ધર્મના રહસ્યથી વિમુખ થતો જશે. એ સ્થિતિ અટકાવવાને માટે બધા વર્ગનાં સ્ત્રી, પુરૂષ અને બાળક માટે ધાર્મિક સાહિત્ય તૈયાર કરાવવું જોઈએ. તેમ થયે જૈન ધર્મનું તેમજ કોમનું ગૌરવ હાલના કરતાં પણ વધુ સમજાશે અને સચવાશે.

પ્રાચીન પુસ્તકો શોધી કાઢી છપાવવાનું તેમજ તેમાંથી ઉપયોગી જણાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાં ભાષાંતરો કરાવવાનું કામ કેટલીક સંસ્થાઓ તરફથી અને ખાસ કરીને **શ્રીમંત સરકાર મહારાજા ગાયકવાડ** એઓ તરફથી ઉપાડી લેવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. આ બાબતમાં હજી ઘણું કામ કરવાનું બાકી છે અને તે મોટા પાયા ઉપર ચાલે તેમ કોન્ફરન્સે કરવું જોઇએ. પ્રાચીન અને અમૂલ્ય ગ્રંથોના જ્ઞાનભંડારો ઘણા દેશી રાજ્યોમાં આવેલા છે, તેથી **શ્રીમંત ગાયકવાડ સરકારના** સ્તુત્ય પગલાંને અનુસરીને બીજા **રાજા મહારાજાઓ** પણ પોતાના રાજ્યમાં આવેલા ભંડારોનું પ્રાચીન જૈન સાહિત્ય પ્રકાશમાં લાવવા બનતી મદદ કરે એવી વિનંતિ કોન્ફરન્સે તેમને કરવી જોઇએ.

**( ग ) પ્રાચીન શોધખોળ:—**

૯. આપણી કોમનો ધાર્મિક ઇતિહાસ, ઐતિહાસિક રીતે શોધખોળ કરી, તૈયાર કરાવવાની જરૂર છે. પૂર્વે થઈ ગયેલા આપણા મહાન્ આચાર્યો, ઉત્તમ વિચારકો, જૈન રાજાઓ તથા તત્ત્વજ્ઞાનીઓનાં નામજ માત્ર આપણે જાણીએ છીએ. જૈનધર્મ કેટલો પ્રાચીન છે અને બીજા ધર્મનાં સિદ્ધાંતો સાથે તેનો કેટલો સંબંધ છે, તે જૈનદૃષ્ટિએ ખાત્રીભરેલી રીતે શોધી કાઢવાની તથા બહાર પાડવાની જરૂર છે, પ્રાચીન શિલાલેખો, જુના ચૈત્યો, પ્રાચીન પુસ્તકો તેમજ બીજાં દેવાલયો ઉપરથી તથા બીજી કોમોના લેખો ઉપરથી આપણે આપણો ઇતિહાસ તૈયાર કરાવીએ તો આપણે આપણી કોમને તેમજ દુનિયાને સારો ફાયદો કરી શકીએ. તે ઉપરાંત આપણે જે સિદ્ધાંતો સત્ય માનીએ છીએ, તેની ખાત્રી પણ દુનિયાને કરી આપવાની છે. દાખલા તરીકે આપણે વનસ્પતિ, અગ્નિ, વાયુ વિગેરેમાં જીવ છે એવું માનીએ છીએ. પણ આ વાત વિદેશીય લોકોના હૃદયમાં ઉતરતી નહોતી, છતાં તેની સાબિતી આપણા તરફથી વ્યવહારિક શાસ્ત્ર મુજબ આપી શકાઇ નહોતી. હાલમાંજ કલકત્તાના ડૉ. બોઝે આ બાબત લાંબી મુદત શોધખોળ અને પ્રયાસ કરી આપણી માન્યતાનું ખરાપણું પુરવાર કરી આપ્યું છે; તેવીજ રીતે આપણા જંતુશાસ્ત્રની અને વચન વર્ગણાનાં પુદ્‌ગલો ( Vibratory atoms ) **ની** સાબિતી અર્વાચીન જંતુ વિદ્યાશાસ્ત્ર ( Bacteriology ) અને ફોનોગ્રાફ ( Phonograph ) **ની** શોધખોળ દ્વારા થઇ શકી છે. આવી સાબિતીઓ કરી આપવાના પ્રયત્નો આપણી કોમ તરફથી થવા જોઇતા હતા, અને હજુ પણ એવા ઘણા સિદ્ધાંતો હશે કે જેની તપાસ થઈ હાલના જમાનાને અનુસરતી શોધખોળ કરી દુનિયામાં નવું અજવાળું પાડી શકાય.

૧૦. હિંદુસ્તાનમાં ઐતિહાસિક વિષયોમાં જૈન કોમે જેટલું કર્યું છે, તેટલું બીજી કોઈ કોમે ભાગ્યેજ કર્યું હશે. આપણા ઐતિહાસિક રાસો, પ્રબંધો, ચરિત્રો તેમજ શિલાલેખો અને ગ્રંથોને અંતે અપાતી વંશાવળીઓ હિંદના ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પાડે એમ છે. હમણાંજ દેવકુલ પાટકના શિલાલેખો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે ઇતિહાસના સંબંધમાં અગત્યના છે. કુમારપાળ ચરિત્ર, વસ્તુપાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાસો, જગડુશા રાસો, વિમળ પ્રબંધ ( જે અર્થ સાથે છપાઈ ગયા છે ) વગેરે કેટલીબંધ ગ્રંથો ઇતિહાસ ઉપર અજવાળું પાડે એવા છે.

**(ઘ) પ્રાચીન ચૈત્યોદ્ધાર.**

૧૧. પ્રાચીન પુસ્તકો સાચવી રાખવા, સિદ્ધાંતો સરળ ભાષામાં લખાવવાં અને જૈન ઇતિહાસ તૈયાર કરાવવો એ જેટલું અગત્યનું છે, તેટલુંજ જરૂરનું મંદીરો સારી સ્થિતિમાં રાખવાનું અને જુના શિલાલેખો સંગ્રહી રાખવાનું પણ છે. નાનાં જુજ જૈન વસ્તીવાળા ગામોમાં મોટાં મંદિરો બાંધી અને ઘણાં મંદિરવાળાં મોટાં ગામોમાં નવાં દેરાસર બંધાવી લાખો રૂપીયા ખર્ચ કરવા કરતાં જુનાં મંદિરો સમરાવી સુરક્ષિત રાખી, તેમને લગતાં ઉપર બતાવેલાં વિશેષ ઉપયોગી કાર્યોમાં નાણું ખરચવામાં આવે તો ઘણું સંગીન કામ થયેલું ગણી શકાશે. સધન દેરાસરોના દ્રવ્યનો ઉપયોગ આ ખાતે કરવામાં આવે એ ઇચ્છવા જેવું છે. નવાં દહેરાં બાંધવા કરતાં જુનાંનો જીર્ણોદ્ધાર કરવામાં આપણાં શાસ્ત્રો વિશેષ પુણ્ય માને છે.

**(ઙ) સાધુઓના અભ્યાસ માટે સગવડ.**

૧૨. આપણા પરમ પવિત્ર વિદ્વાન પૂર્વાચાર્યો શ્રીમદ્ યશોવિજયજી, હરિભદ્રસૂરિજી, દેવચંદ્રજી, આનંદઘનજી, હિરવિજયજી, હેમચંદ્રાચાર્યજી, તથા વિજયલક્ષ્મિસૂરિજી વિગેરેના ગ્રંથો આપણે વાંચીએ છીએ ત્યારે આપણને તેમની અગાધ બુદ્ધિ-શક્તિ ઉપરાંત દરેક વિષયમાં નિપુણતા માટે માન અને પૂજ્યભાવ ઉત્પન્ન થયા વગર રહેતાં નથી. તેઓ જૈન ધર્મનાં સિદ્ધાંતોથી સંપૂર્ણ વાકેફ હતા, એટલુંજ નહિ પણ અન્ય વિષયો જેવાં કે ન્યાય, તર્ક, સાહિત્ય, વિજ્ઞાન, વૈદક, જ્યોતિષ તથા ખગોળ વિદ્યા, વિગેરે શાસ્ત્રોની સારી માહિતી ધરાવતા હતા, અને એ વિષયો ઉપર શોધખોળ કરી તેની ખીલવણી કરી શકતા હતા. વિશેષમાં જૈનાચાર્યો તેમના સમયમાં પ્રચલિત એવી જુદી જુદી ભાષાઓનો અભ્યાસ પણ કરતા હતા. અને બૌધ અને જૈન ધર્માચાર્યોએ જેમ પોતાના ગ્રંથો પ્રાકૃતમાં લખવાની પહેલ કરી તેમ જૈન સાધુઓએ ગુજરાતી ભાષામાં પુષ્કળ ગ્રંથો લખી દેશ ઉપર મોટો ઉપકાર કર્યો છે. જૈન રાસાઓ, કથાઓ તથા અનેક વિષયોને લગતું જૈન સાહિત્ય એકલી જૈન કોમમાંજ નહિ, પરંતુ બીજી કોમોમાં પણ જાણીતું છે. હાલમાં આપણા સાધુઓમાં પણ કેટલાક સમર્થ વિદ્વાનો છે અને તેઓ પણ ધર્મ અને કોમની સેવા યથાશક્તિ બજાવી રહ્યા છે, છતાં પણ કેટલાકની કેળવણીમાં કેટલીક ન્યુનતા નજરે આવે છે. આપણા બધાના અનુભવમાં આવ્યું હશે કે, પૂજ્ય મુનિ મહારાજોમાં બુદ્ધિ, શક્તિ અને શ્રદ્ધાની ખામી નથી. જો તેમને જૈન કોમ તરફથી ધાર્મિક, સામાજીક અને વૈજ્ઞાનિક ( Scientific ) અભ્યાસને માટે પૂરતી સવળતા અને જોઇતાં સાધનોની જોગવાઇ કરી આપવામાં આવે તો તેઓ ઘણા સારા વિદ્વાન નીવડી કોમને અને દુનિયાને સારો ફાયદો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે. આપણા જૈન સાધુઓમાંથી સર્વદર્શી જાહેર વ્યાખ્યાનો આપનાર, જાહેર લેખો લખનાર અને જાહેર સેવાઓ કરનાર નીકળવાની ખાસ જરૂર છે. આ જમાનામાં કેટલાક શ્રદ્ધાળુ જૈનોને ઉપાશ્રયમાં માત્ર વ્યાખ્યાન આપી તથા ધાર્મિક ક્રિયાઓ કરાવી તેમણે બેસી રહેવાનું નથી. હવે તો ખુલ્લાં મેદાનોમાં અને જાહેર મકાનોમાં સમાજ સમક્ષ ઉત્તમ વિચારોથી ભરપૂર જાહેર વ્યાખ્યાનો આપવાનો સમય આવી પહોંચ્યો છે. હાલમાં તેમના પૈકી ઘણાને જે કેળવણી મળે છે તે ઘણીજ સંકુચિત અને સાધારણ જૈન શાસ્ત્રના સિદ્ધાંતની અને ક્રિયાકાંડ કરવા પૂરતીજ હોય છે. બીજા ધર્મની અગર તો પાશ્ચાત્ય ફીલસુફી ( તત્ત્વજ્ઞાન ) અને વિજ્ઞાન કે જે હાલ દુનિયાના બધા વિચારોને દોરે છે, તેમની તેઓને બિલકુલ માહિતી હોતી નથી. અને શોધખોળની અર્વાચીન પદ્ધતિથી તો તેઓ બિલકુલ જાણીતા હોતા નથી. અતિશય શ્રદ્ધાળી શ્રી મહાવીરસ્વામીના ભેખ પ્રત્યેની ચાલતી આવેલી પૂજ્યબુદ્ધિ હાલના આગળ વધતા જમાનામાં કાયમ રહેશે કે કેમ, એ માટે ઉંડો વિચાર કરવો જોઇએ. **જૈન કોમને સાધુઓની ખાસ જરૂર છે.** સેવાદ્રષ્ટિએ આવા દેશોપકારક અને ધર્મોપદેશકો બીજી કોઇપણ રીતે કોમને મળી શકે તેમ નથી. સંસાર ત્યાગ કરી જનસેવા અને આત્મસાધનને માટે તેમણે ચારિત્ર અંગીકાર કરેલું છે. એ સત્કાર્ય તેઓ સારી રીતે બજાવે તે માટે તેમને જ્ઞાનોપાર્જનમાં દરેક જાતની મદદ અને સવડ કરી આપવી એ આપણી પ્રથમ ફરજ છે. એ ફરજ અદા કરવામાં આપણે કોઇપણ જાતની ન્યૂનતા બતાવીએ તો આપણે કૃતઘ્ની છીએ એમ કહેવાને કોઇપણ જાતનો વાંધો નથી; માટે તેમને આપણા ધર્મની યથાર્થ કેળવણી મળે તેમજ ધાર્મિક અભ્યાસ ઉપરાંત નવી પદ્ધતિની કેળવણી મળે એ માટે ઉપાયો યોજવા જોઇએ.

૧૩. સાધુઓના અભ્યાસ માટે એક સ્વતંત્ર પાઠશાળા ( academy or seminary ) જૈન કોમ તરફથી સ્થાપન થવી જોઇએ અને તેમાં જૈન ધર્મનાં સિદ્ધાંતો અને ક્રિયાના શિક્ષણ ઉપરાંત જુદા જુદા દેશ પરદેશની ભાષા તેમજ વિજ્ઞાન શાસ્ત્ર ( science ) અને ફિલસુફીના શિક્ષણ માટે ગોઠવણ કરી આપવી જોઇએ. તેમાં શીખવનાર તરીકે જુદી જુદી ભાષાઓના તેમજ જુદા જુદા વિષયના નિપુણાત આચાર્યો અને અધ્યાપકો નીમવા જોઇએ. વળી હરકોઇ માણસ દિક્ષા લે તે પહેલાં તેણે આ પાઠશાળામાં અમુક અભ્યાસ કરેલો હોવો જોઇએ; તેમજ તેણે સમાજ શાસ્ત્રનો, જનસમાજની સેવાના વિવિધ માર્ગોનો, તત્ત્વજ્ઞાનનો અને ધર્મશાસ્ત્રનો સંપૂર્ણ બોધ થયેલો હોવો જોઇએ; અને સાધુ થયા પછી પણ કોઇ વિષયનો વધુ અભ્યાસ કરવો હોય તો તેમને માટે પણ તેમાં સવડ રાખવી જોઇએ. તે ઉપરાંત તેમાં એક ઉત્તમ લાયબ્રેરી હોવી જોઇએ કે જેમાં તે પાઠશાળાને ઉપયોગી દરેક પુસ્તકનો સંગ્રહ રાખવામાં આવે. આવી રીતે હાલના જમાનાને અનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરી દરેક પ્રકારનું શિક્ષણ મળી શકે એવી ગોઠવણ કરવી જોઇએ. આવી સંસ્થાને અંગે કેટલીક શોધખોળ માટેની શિષ્યવૃત્તિઓ ( Research scholarships & fellowships ) રાખી જૈન વિદ્વાનોને દેશપરદેશ મોકલી તૈયાર કરાવી શોધખોળને માટે સવડ અને સરલતા કરી આપવી જોઈએ. આવી પાઠશાળામાં કેળવણી ઉપરાંત ઉપર બતાવેલાં બીજાં શોધખોળનાં કામો ( original research ) પણ થઈ શકે.

૧૪. હાલ તુરત આપણે પોતે આવી મોટી સંસ્થા કદાચ ન કાઢી શકીએ તો પણ એકાદ ચાલુ પાઠશાળા અગર તો નવીન સ્થાપન થયેલી **હિંદુ યુનિવર્સિટી** દ્વારા આપણે કામ ચાલુ કરી શકીએ. પાશ્ચાત્ય દેશોમાં ખ્રિસ્તિ પાદરીઓને આવી કેળવણી આપવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવે છે, અને તેને લીધેજ રોમન કેથોલીક જેવો જુનો ધર્મ પણ પોતાનું અસ્તિત્વ અને સત્તા જાળવી રહ્યો છે.

આપણા દેશના શ્રી રામકૃષ્ણ, વિવેકાનંદ અને દયાનંદ સરસ્વતી જેવા મહાપુરૂષોએ તેમના ધર્મના સંન્યાસીઓ માટે નવી પદ્ધતિની કેળવણીની કેટલીક સવડ કરી આપેલી હોવાથી તે સંન્યાસીઓ દેશ પરદેશમાં ધાર્મિક, નૈતિક અને સામાજિક સુધારા સંબંધી કેવું સારૂં કામ કરી રહ્યા છે તે સૌની જાણમાં છે.

જ્યાંસુધી આવી કેળવણીની તેમજ શોધખોળની સવડ કરી આપવામાં નહિ આવે ત્યાંસુધી જૈનધર્મના તત્ત્વજ્ઞાનનું યથાર્થ રહસ્ય આપણને તેમજ દુનિયાના દેશોને સમજાવી શકાશે નહિ. એવી તજવીજ થશે ત્યારેજ જૈન ધર્મ ખરો અને પ્રગતિમાન ધર્મ ( Living & Progressive Religion ) તરીકે ગણાશે. આપણા ધર્મ સંબંધી હાલ જે કાંઈ બીજા લોકોને યત્કિંચિત્ બોધ થાય છે તે પાશ્ચાત્ય વિદ્વાનોનેજ આભારી છે. માટે આપણા આચાર્યો અને વિદ્વાનો દેશદેશ જઇને આપણા ધર્મનું રહસ્ય સમજાવે, અને આપણો ધર્મ માનનારાની સંખ્યા જે દિનપ્રતિદિન ઘટતી જાય છે તે અટકાવી અન્યધર્મીઓને આપણા ધર્મમાં આણે એવી તજવીજ થવાની જરૂર છે.

### ( च ) સાધ્વીઓને અભ્યાસમાં મદદ.

૧૫. સાધુઓની માફક સાધ્વીઓના અભ્યાસને માટે પણ જોગવાઈ કરી આપવાની વિશેષ જરૂર મને લાગે છે. કારણ કે તેઓમાં પોતાના નિત્યકર્મમાં જોઇએ તે સિવાયનું બીજું સામાજિક અને ધાર્મિક જ્ઞાન ઘણે ભાગે હોતું નથી, અને તેમને પોતાનું જ્ઞાન વધારવું હોય તો સાધન પણ હોતાં નથી. તેમના સ્વાર્થ ત્યાગ, સંસાર ત્યાગ અને વૈરાગ્યશીલવૃત્તિઓ માટે દરેકને માન છે, અને તે માન હમ્મેશ કાયમ રહેશે, પણ એ નિર્દોષ અને શાંત સાધુ મુર્ત્તિઓને ધાર્મિક, નૈતિક અને સામાજિક જ્ઞાનથી વધુ સંસ્કારી બનાવવાની જરૂર છે. આપણો સ્ત્રી સમાજ કેળવણીમાં અને સાંસારિક રીતરિવાજોમાં ઘણો પછાત છે. તેમને ધાર્મિક કેળવણી આપી તેમના હૃદયોને ધર્મ સંસ્કારોથી સંસ્કૃત કરનાર આપણો સાધ્વી વર્ગ અતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગી બની શકે તેમ છે, અને તે માટે તેમને અનેક ઉત્તમ સાધનો આપી કેળવવામાં આવે તો, જેવી રીતે પાશ્ચાત્ય દેશોમાં દયાળુ વૃત્તિથી લોકસેવામાં જીવન ગાળનાર પરિવ્રાજીકાઓ ( sisters of mercy ) ગરીબ અને પછાત વર્ગોમાં તેમજ બીજા જનસમાજમાં સેવાધર્મનાં કામ કરી અનહદ લાભ આપે છે, તેવીજ રીતે આ સાધ્વીઓ આપણા પાછળ પડેલા અને અજ્ઞાન સ્ત્રી સમાજને અનેક પ્રકારનો લાભ આપી શકે. આ હેતુ પાર પાડવા માટે સાધ્વીઓને આવશ્યક કેળવણી માટે તેવી કોઇ સંસ્થા ઉઘાડવી જોઇએ કે જેમાં ધાર્મિક વિષયોના જ્ઞાન ઉપરાંત બીજા ઉપયોગી વિષયોનું જ્ઞાન પણ તેમને આપી શકાય. આપણા સ્ત્રી સમાજમાં શી શી ખામીઓ છે તથા તે દૂર કરવા માટે શા શા ઉપાયો યોજવા જોઇએ તે જાણવા જેવું જ્ઞાન પણ તેમને અહીંજ મળવું જોઇએ.

૧૬. આ કોન્ફરન્સ તરફથી એક કેળવણી મંડળ ( Educational Board ) ખાસ નીમવામાં આવેલું છે, જે આપણી કોમમાં ધાર્મિક અને વ્યવહારિક કેળવણીનો પ્રચાર કરવા માટે પ્રયત્ન કરે છે, તેણે આ સાધુ અને સાધ્વીઓની કેળવણીના સવાલો પણ ઉપાડી લેવા જોઈએ, અને આ વિષય કોન્ફરન્સને જરૂરનો લાગતો હોય તો તેને માટે શા શા ઉપાયો લેવા જોઈએ તેની તપાસ કરી રીપોર્ટ તૈયાર કરી આવતી કોન્ફરન્સની બેઠક વખતે રજુ કરે એવી આ બોર્ડમાંથી એક કમિટી નીમવા મારી સૂચના છે. આપણા મુનિ મહારાજોને લખીને આ બાબતમાં તેમનો પણ અભિપ્રાય લેવો જોઇએ. તેમની સહાનુભૂતિથી આપણું કામ ઘણું સહેલું થશે. આ સવાલ ઘણો મહત્વનો છે, અને તે સંબંધમાં કુશળતા ( tact ) અને દ્રઢતાથી ( firmness ) કામ કરવામાં આવે તોજ કંઈ સારૂં પરિણામ આવી શકે. હવે એવો વખત આવ્યો છે કે જૈન કોમે આ વિષે ચોક્કસ વિચાર પર આવી તે અમલમાં મૂકવા જોઇએ.

૧૭. આપણા સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓના ધાર્મિક, સામાજિક અને નૈતિક શિક્ષણ માટે એક સારી ધાર્મિક મધ્યસ્થ પુસ્તકાલયની ( Central Library ) જરૂર છે, કે જેમાંથી દરેક વિષયનાં ઉપયોગી પુસ્તકો જરૂર વખતે ગામેગામ તેમને મળી શકે. સાધુ સાધ્વીઓને પર્યટન કરવાનું હોવાથી, તેમના વિહારમાં કેટલેક ઠેકાણે જોઇતાં પુસ્તકોનો જથ્થો સાથે પણ રાખી શકાતો નથી, માટે તેમને જ્યારે જોઇએ ત્યારે અને જ્યાં જોઇએ ત્યાં ઉપયોગી પુસ્તકો મોકલી આપવાની ગોઠવણ હોવી જોઇએ . આવો પ્રબંધ થવાથી હાલમાં કેટલાક સાધુઓને લહીઆ પાસે મોટા ખર્ચે નિરનિરાળાં પુસ્તકો લખાવી અને સંઘરી રાખી પોતાની ખાનગી મિલકતની માફક કેટલોક વ્યવહાર કરવો પડે છે તે કરવો પડશે નહીં. આ યોજના માટે વડોદરા ખાતે શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થકેવાડ એમના તરફથી મોટા પરિશ્રમે અને ખર્ચે ખોલવામાં આવેલી સેન્ટ્રલ લાયબ્રેરીની યોજના અને કામ કરવાની પદ્ધતિ અનુકરણ કરવા જેવી છે.

**કેળવણી.** ૧૮. કોન્ફરન્સની બેઠકોમાં શરૂઆતથીજ જૈન કોમની કેળવણી માટે ઘણુંજ વિવેચન કરવામાં આવ્યું છે. દરેક પ્રમુખે, સ્વાગત કમિટીના ચેરમેને, તેમજ અનેક વક્તાઓએ કેળવણીની જરૂરીઆત સંબંધી ભાષણો કર્યાં છે. કેળવણી વધારે પ્રમાણમાં પ્રસરે, લોકો તેનો વધારે લાભ લે તે માટે દર બેઠકે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. ઉપરાંત કોન્ફરન્સના ઉપદેશકોએ ગામે ગામ ફરી કેળવણીના ફાયદા સ્ત્રી પુરૂષોને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા છે. આ વિચારોને વિશેષ વ્યવહારૂ બનાવવાને સન ૧૯૦૯–૧૦ માં કોન્ફરન્સ તરફથી એક કેળવણી બોર્ડની નિમણુક કરવામાં આવી છે. અને અત્યાર સુધીમાં તેના તરફથી જે કાંઇ કામ કરવામાં આવ્યું છે, તેનો રીપોર્ટ આ વર્ષે આપણી સમક્ષ રજુ કરવામાં આવ્યો છે, એટલે હવે પછી વધારે સંગીન કામ કરવાને માટેની શરૂઆત થઈ છે. આ કારણોને લીધે હવે મારે આ વિષય ઉપર વધારે કહેવાનું રહેતું નથી. મેં ઉપર કહ્યું તેમ જૈન કોમ કેવળ નિરક્ષર નથી, પણ હજી હાલની દેશકાળની સ્થિતિ અનુસાર સામાન્ય અને વેપાર ઉદ્યોગની ઉંચી કેળવણી લેવાની જરૂર સંપૂર્ણ રીતે સ્વીકારાઇ હોય તેમ લાગતું નથી. યુનિવર્સિટીમાંથી પ્રતિવર્ષ બહાર પડતાં સંખ્યાબંધ ગ્રેજ્યુએટો પૈકી પારસી અગર બીજી કોમની સંખ્યા સાથે સરખાવતાં આપણી કોમના ગ્રેજ્યુએટોની સંખ્યા માત્ર નામનીજ દેખાય છે. ગુજરાત દેશમાં ૫૭૦૦૦ જૈન પુરૂષોની વસ્તીમાં અત્યાર સુધીમાં માત્ર સો સવાસો ગ્રેજ્યુએટો થયા હોય તેમ લાગે છે. દર પાંચસે માણસે એક ગ્રેજ્યુએટ એ શા હિસાબમાં ? આ આંકડા ઉપરથી આપણી કોમ હજી કેળવણીમાં કેટલી પછાત છે એ સહજ સમજાય છે. વળી મારે જણાવવું જોઇએ કે જે કેળવણીથી આપણે પોતાની ફરજ સમજતા થઇએ, ઉચ્ચ જીવન ગાળી શકીએ, અને ધાર્મિક, સામાજિક, શારીરિક અને આર્થિક સ્થિતિમાં દિન પ્રતિદિન સુધારો વધારો કરતા જઇએ તેવી કેળવણીની આપણને ખાસ જરૂર છે. કેળવણી માત્ર ગરીબોનેજ માટે છે એમ સમજવાનું નથી. ગરીબ અને તવંગર એ સર્વેએ તેનો એક સરખો લાભ લેવાનો છે. બીનકેળવાયેલો શ્રીમંત વર્ગ દેશને અને કોમને સંગીન લાભ કરી શકતો નથી. આર્થિક સ્થિતિ સારી હોવાની સાથે જેનામાં ધાર્મિક વૃત્તિ અને સંસ્કારી જીવન હોય, તેજ તેનો સદુપયોગ કરી સમાજને ઉપયોગી થઈ પડે છે. આ પ્રમાણે શ્રીમંત વર્ગને નાણાંની અનુકૂળતા હોવાથી ઉંચી કેળવણી લેવાની વિશેષ જરૂર છે.

**સ્ત્રી કેળવણી.** ૧૯. આ ઉપરાંત સ્ત્રી કેળવણીની બાબતમાં તો આપણે છેકજ પછાત પડતા જણાયેલા છીએ. આપણી કોમની ગુજરાતની સ્ત્રીઓની ૫૫૬૯૪ ની વસ્તીમાંથી માત્ર ૪૫૬૩ નેજ લખતાં–વાંચતાં આવડે છે, એવું કોમના વસ્તીપત્રક ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાય છે. સ્રી કેળવણીના અનેક ફાયદા હાલના જમાનામાં વધુ વિસ્તારથી જણાવવાની જરૂર મને જણાતી નથી; છતાં પણ ખાસ એટલું તો જણાવવાની જરૂર લાગે છે કે આપણા સંસારનો પાયો અને ઉન્નતિનો આધાર સ્રીઓ ઉપરજ મુખ્યત્વે રહેલો છે, અને તેઓ જ્યાં સુધી અજ્ઞાન અને વહેમી રહેશે, ત્યાં સુધી આપણામાં ઘર ઘાલી બેઠેલા હાનિકારક રિવાજો કદી પણ દૂર થઈ શકવાના નથી, અને કોમની માનસિક, શારીરિક અને ધાર્મિક સ્થિતિ સુધરવાની આશા પણ ખોટી રહે છે. આ ઉપરાંત સ્રીઓને ધાર્મિક અને નૈતિક કેળવણીની જરૂર, વ્યવહારિક કેળવણી કરતાં પણ વધારે છે. તેમના હૃદયના ધાર્મિક સંસ્કારો આપણી ભવિષ્યની પ્રજાના કુમળા મગજ પર પડવાના છે, અને તે સંસ્કારો સાથેજ ઉછરી તેઓ જૈન તરીકે પોતાનું જીવન ગાળવાના છે; માટે કોમની સર્વદર્શીય ઉન્નતિ માટે સ્રી કેળવણી એ મહત્વનો વિષય છે, અને તે કોન્ફરન્સે ઉપાડી લઈ સંપૂર્ણ વ્યવહારૂ રીતે અમલમાં મુકવાની જરૂર છે. એ સંતોષની વાત છે કે આ કોન્ફરન્સની બેઠક પછી જૈન મહિલા પરિષદની બેઠક ભરવાની છે. સ્રી કેળવણીનો સવાલ સ્રીઓ પોતેજ ઉપાડી લે તો પુરૂષો કરતાં તેઓ વધારે સારૂં કામ કરી શકે એ નિર્વિવાદ છે.

**વેપારી કેળવણી.** ૨૦. આપણી જૈન કોમ મોટે ભાગે વેપારમાં ગુંથાયલી છે, અને તેનું શ્રેય પણ વેપારથીજ થયું છે, અને થાય તેવું છે. દરેક ઇસમે પોતાના ધંધાનું સંપૂર્ણ જ્ઞાન મેળવેલું હોવું જોઇએ, એ નિર્વિવાદ અને સર્વમાન્ય બાબત છે. છતાં પણ આપણાં બાળકોને વેપાર–ધંધાની કેળવણી આપવામાં આપણે પછાત રહીએ એ ઘણું શોચનીય છે. હાલના જમાનામાં અજ્ઞાન વેપારીથી લાંબો વેપાર અને મોટા હુન્નર થઈ શકવાના નથી. તે માટે દેશપરદેશની માહિતી અને ધંધાને લગતું શાસ્રીય જ્ઞાન દરેક વેપારીને ખાસ જરૂરનું છે. આવા જ્ઞાનને લીધેજ યુરોપના વેપારીઓ પોતાના ધંધા દુનિયામાં આગળ વધારતા જાય છે, અને આપણે ત્યાં પણ તેઓ આપણા પોતાના ધંધાઓમાં આગળ પડતો ભાગ લેતા જાય છે, અને તેને પરિણામે આપણને ધીમે ધીમે હલકી પદવી ભોગવવી પડે છે. ટુંકામાં વેપારી કેળવણીના સંબંધમાં મારે આપ સર્વેને આગ્રહપૂર્વક વિનંતિ કરવાની કે ઉપર જણાવ્યા મુજબ આપણા સમાજમાં જેમ સ્રી કેળવણી અને ઉંચી કેળવણીનો વધુ ફેલાવો થાય તેમ તેની સાથે વેપારી કેળવણી પણ વધુ ફેલાય એવાં પગલાં લેવાની ખાસ યોજનાઓ કરશો. દેશ વિદેશમાં ફરીને ત્યાંની વેપારી રીતભાત જોયા વગર, શાસ્રીય જ્ઞાન સંપાદન કર્યા વગર, વિદેશ સાથે વેપાર સંબંધ બાંધ્યા વગર આપણી આર્થિક ઉન્નતિ થનાર નથી.

**સામાજિક બંધારણ.** ૨૧. આપણું હાલનું સામાજિક બંધારણ એવું છે કે આપણે ધાર્મિક અને આર્થિક ઉન્નતિને માટે ગમે તેટલા પ્રયત્નો કરીએ તો પણ સારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિમાં આવી શકાય નહિ. કારણકે આપણા ધર્મનાં સિદ્ધાંતો અને બંધારણ વિરૂદ્ધ નાની નાની જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં આપણે વહેંચાઈ ગયેલા છીએ, અને તેથી એક સાથે કામ કરવાની શક્તિ ઘટતી જાય છે, તેમજ કેટલીક બાબતોમાં આપણા વિચારો પણ સંકુચિત થતા જાય છે, અને સમાજબળ કમી થાય છે. આથી કરીને કોમ સમસ્તના સવાલો હાથ ધરવા જઇએ છીએ, ત્યારે આપણી ઉન્નતિ થાય તેવા પ્રકારની કામ કરવાની ઈચ્છા અગર પ્રવૃત્તિમાં અનેક જાતની અડચણો આપણને નડે છે. છેલ્લા પચાસ વર્ષના ઇતિહાસ ઉપરથી માલૂમ પડશે કે આપણામાં જુદી જુદી જ્ઞાતિઓ ભેગી થવાને બદલે નવીન પેટાજ્ઞાતિઓ વધતી જાય છે, ઘોળો બંધાતા જાય છે, તડ વધતાં જાય છે, જૈન કોમ સિવાયની અન્ય કોમો સાથેનો સંબંધ ઓછો થતો જાય છે, અને જૈન ધર્મ પાળનાર એકજ કોમની પેટાજ્ઞાતિઓ સાથેનો લોકોનો પરસ્પર સંબંધ ઘટતો જાય છે; અર્થાત્ એકજ જ્ઞાતિના જુદા જુદા પ્રદેશોમાં રહેનાર લોકોનો સંબંધ હાલના પોસ્ટ, રેલ્વે અને ટેલીગ્રાફના સુધારા રૂપ સાધનો મળ્યાં છે છતાં વધવાને બદલે સંકુચિત થતો જાય છે. આમ વ્યવહાર ટુંકો થવાને લીધે કન્યાવિક્રય, વરવિક્રય, બાળલગ્ન તથા વૃદ્ધવિવાહ વિગેરે હાનિકારક રિવાજોને ઉત્તેજન મળ્યું છે. જેના પરિણામે કોમની સામાજિક અને શારીરિક સ્થિતિ બગડતી જાય છે, તેમજ બંધુભાવનું કાર્યક્ષેત્ર ટુંકું થઈ સંપ થવાને બદલે કુસંપ ઘર કરતો જાય છે. આપણે સમજવું જોઇએ કે હાલનું જ્ઞાતિ બંધારણ આપણા ધર્મ તેમજ સમાજ શાસ્ત્રના નિયમથી વિરૂદ્ધ છે, માટે આ પ્રશ્ન કોમના હિતને માટે અને ખરૂં પૂછાવો તો દેશ સમસ્તના હિતને માટે મુખ્ય અને મહત્વનો હોવાથી તે તરફ આપ સર્વનું લક્ષ ખેંચવા હું રજા લઉં છું.

## કોન્ફરન્સનું બંધારણ.

૨૨. આ કોન્ફરન્સની શરૂઆત સને ૧૯૦૨ માં થઇ ત્યારથી સાધારણ કામચલાઉ કાર્યપદ્ધતિ નક્કી કરી કોન્ફરન્સનું કામ કરવામાં આવતું હતું; પણ આ સંસ્થાને લાયક સારૂ બંધારણ બાંધવાની જરૂર પ્રથમથીજ સ્વીકારવામાં આવી હતી, અને કોન્ફરન્સનો પાયો જેમ જેમ દૃઢ થતો ગયો તેમ તેમ તેની જરૂર વધારે લાગતી ગઇ, પણ કેટલોક વખત અનુભવ લેવાની ખાતર કોન્ફરન્સનું બંધારણ નક્કી કરવાનું કામ મુલતવી રાખવામાં આવ્યું હતું. ગઇ સાલની બેઠક વખતે તેનું બંધારણ નક્કી કરવા સારૂ ખરડો તૈયાર કરવાને એક ખાસ કમિટી નીમવામાં આવી હતી. આ કમિટીએ લોકોના મત મંગાવ્યા હતા, તે ઉપર વિચાર કરી એક ખરડો આપણી સમક્ષ રીસેપ્શન કમીટીની પેટા કમિટીએ રજુ કર્યો છે, જેની નકલ આપ સૌને આપવામાં આવી છે. અત્યાર સુધીના કામકાજ વિગેરેના અનુભવ ઉપરથી આ મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને આશા છે કે આપ સૌ તે ઉપર પૂરતું લક્ષ આપશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૩. કોન્ફરન્સનું બંધારણ સારી રીતનું અને કામ કરવામાં અનુકૂળ પડે એવું હોવાની જરૂર છે, એ બાબત બે મત હોઇ શકેજ નહિ. જેમ જેમ કોન્ફરન્સનું કામ આગળ વધતું જવાનું તેમ તેમ તે વધારે વ્યવહારૂ થતું જશે. શરૂઆતમાં આપણને લોકમત કેળવવાને માટે અને કોન્ફરન્સ ઉપર આસ્થા બેસાડવાને માટે પ્રયત્નો કરવા પડતા હતા; હવે વ્યવહારોપયોગી કામ કરવા ઉપર ધ્યાન આપવાનું છે. તે માટે દરેક ગામના સંઘ સાથે આપણે નિકટ સંબંધમાં આવવાની જરૂર છે. આપણી કાર્યસિદ્ધિ માટે બીજી કોમો કરતાં આપણને કેટલીક વધુ અનુકૂળતા તેમજ પ્રતિકૂળતા પણ છે. આપણી કોમમાં નાની નાની અનેક પેટાજ્ઞાતઓ છે જે સંસાર વ્યવહારમાં એક બીજાથી અલગ રહે છે; તેમજ કેટલીક ન્યાતોમાં તડો હોય છે; તેમ છતાં દરેક ગામની ન્યાતોના ઇસમ સ્થાનિક સંઘમાં આવી જાય છે, અને સંઘની સત્તા કેટલાક અપવાદ સિવાય ન્યાતો ઉપર સર્વોપરી ગણાય છે. સાધારણ રીતે ન્યાતોનું બંધારણ સંઘના તાબાનું ગણાય છે, અને સંઘ તરફથી કોમના સામાન્ય હિતનું કામ થાય છે. જ્યાં સંઘના આગેવાનો ન્યાયી, મોભાવાળા તેમજ કોમહિતની લાગણીવાળા હોય છે ત્યાં તેઓ ન્યાતના કજીઆ પતાવવામાં અને ન્યાતિભાઇઓને સારે માર્ગે દોરવવામાં ઉત્તમ સાધનરૂપ થઇ પડે છે. વેપાર રોજગારને માટે ગુજરાતમાં જેમ મહાજનનું બંધારણ હોય છે તેમ જૈન કોમના ધાર્મિક અને સામાજિક કાર્યો માટે સંઘનું બંધારણ છે. આ બંધારણ જુનું છે, અને તેની સત્તા શ્રાવક શ્રાવિકા અને સાધુ સાધ્વી ઉપર હોય છે. હાલમાં આપણી સમક્ષ બંધારણોનો જે ખરડો રજુ કરવામાં આવ્યો છે તેમાં કોન્ફરન્સના હેતુ પાર પાડવાને સાધનરૂપ સંસ્થા (Working Unit) તરીકે મુખ્યત્વે સંઘનેજ સ્વીકારવામાં આવ્યો છે; એટલે આ કોન્ફરન્સનું સ્થાનિક કામ તે તે સ્થળના સંઘની મારફતેજ કરવાનું રાખેલું છે. આ ધોરણ આપ સ્વીકારશો તો મને આશા છે કે આ કોન્ફરન્સને જૈન શ્વેતાંબર કોમના સંઘોના સંઘ "Parliament of Sanghas" ની સ્થિતિ ઉપર લાવી શકીશું. સંઘના કાર્યક્ષેત્રમાં ધાર્મિક અને સામાજિક બાબતોનો સમાવેશ થાય છે, અને આ મહાન્ મંડળ પણ એ ઉદ્દેશથી સ્થાપવામાં આવ્યું છે, એટલે બંને સંસ્થાઓનો ઉદ્દેશ એક સરખો હોવાને લીધે મળી રહે છે. જેમ જેમ કેળવણીનો પ્રસાર વધતો જશે, ખોટા કજીઆ કંકાસ ઘટતા જશે અને કોમના માણસો બહોળા વિચારના થઇ સામાન્ય હિતનાં કાર્યો કરવા માટે વધુ ઉત્સુક થતા જશે, તેમ તેમ જુદી જુદી જગ્યાઓના સંઘો એક બીજાને સહાયભૂત થઇ તેમનો અને કોન્ફરન્સનો સંબંધ ગાઢો થતો જશે, અને તે દ્વારા કોમના ઉદયનું ઉપયોગી કાર્ય બંને સંસ્થાઓ મારફતે વધારે વધારે સારૂં થતું જશે. આ કારણોને લીધે મને લાગે છે કે રજુ કરેલા ખરડામાં દર્શાવ્યા પ્રમાણેનું બંધારણ બાંધવાની જરૂર છે અને આપ સર્વે તે સ્વીકારીને મંજુર કરશો એવી ઉમેદ રાખું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કાર્ય પદ્ધતિ અને નાણાં.

૨૪. અંગ્રેજીમાં કહેવત છે કે "It is not the guns that fight, but it is the men behind them." તોપો લઢતી નથી પણ તોપની પાછળનાં માણસો લઢે છે, તેવીજ રીતે બંધારણ ઘણું સારૂં હોવા છતાં પણ કોન્ફરન્સના હેતુ અને તેની સફળતા તેમજ ફત્તેહનો આધાર તેના કાર્યવાહકો ઉપરજ રહે છે. આપણી કોમના હિતને માટે કરવા જેવાં જરૂરનાં કાર્યો ઉપર દર્શાવ્યા પ્રમાણે ઘણાં છે. સારા નસીબે આપણને સારા વિદ્વાન, ઉત્સાહી, લાગણીવાળા અને નિ:સ્વાર્થ બુદ્ધિથી કામ કરનાર યુવાનો મળ્યા છે, અને તેમને કેટલાક પુખ્ત વયના અને ધનાઢ્ય કોમહિતચિંતકોની મદદ પણ છે. તેઓ બધા પોતાના તનમન અને ધનનો ભોગ આપી એક નિષ્ઠાથી નિડરપણે કોમના બીજા આગેવાનો તરફથી સહાય મળે અગર ન મળે તોપણ કામ કર્યા જાય એવા છે, અને કરે છે. કોમનું હિત શેમાં સમાયલું છે તે તેઓ સારી પેઠે સમજે છે. તેટલા માટે હું ખાત્રીથી માનું છું કે જૈન શ્વેતાંબર કોમ સમસ્ત તરફથી તેમને તેમના કામમાં પૂરતી સહાય મળે તો હાલનાં કરતાં પણ વધારે કામ તેઓ કરી શકશે. મારા જાણવા પ્રમાણે જૈન કોમમાં નાણાંની તંગી નથી. જુના જમાનાની જરૂરીઆતો કરતાં હાલના જમાનાની ધાર્મિક અને સામાજિક ફરજો અદા કરવાની રીતો ઓછી અગત્યની નથી, એમ તેઓની ખાત્રી કરી આપવામાં આવે તો જોઇતાં નાણાં સહજ મળી આવે. પાંજરાપોળની સાથે દવાખાનાં, સેનીટેરીયમ, અનાથાશ્રમ અને પ્રસુતિગૃહોની જરૂરીઆત બતાવવામાં આવે, ઉજમણાની જોડે જ્ઞાનમંદિર, જ્ઞાનોત્સવ, પાઠશાળા અને સ્કોલરશીપની અગત્ય સમજાવવામાં આવે અને તે સાથે જ્ઞાતિવરા, વરઘોડા અને એવાં બીજાં કામોમાં થતા ગંજાવર ખર્ચની નિરૂપયોગીતા અથવા કમી જરૂરીઆતની સમજુત આપવામાં આવે તો આવાં કામો માટે નાણાં સહજ મળી આવવામાં વાંધો આવે તેમ નથી, એવું હું ખાત્રીપૂર્વક માનું છું. હિંદુસ્તાનનો ઇતિહાસ તપાસીશું તો આપણી ખાત્રી થશે કે પોતાના ધાર્મિક આશયો ફળીભૂત કરવાને માટે જૈનોએ અને હિંદુઓએ લાખો અને કરોડો રૂપિયા ખર્ચ્યા છે અને હજી તેઓ ખરચ્યા જાય છે. મતલબ કે ઉત્તમ કાર્યવાહકો માટે નાણાંની ખોટ કદી પડી નથી અને પડવાની પણ નથી. માત્ર જૈનસમાજની સ્થિતિનો બારીકાઇથી અભ્યાસ કરી તેની ઉન્નતિ માટે જે ઉપાયો યોજવા જોઇએ, તેની ખાત્રી કરી આપવામાં આવે તો હું ધારૂં છું કે તેમને નાણાં મળ્યાજ જશે.

**અન્ય કોમો સાથે આપણો સંબંધ અને હિંદવાસી તરીકે આપણી ફરજ.** ૨૫. મારૂં ભાષણ પૂરૂં કરતાં પહેલાં મારે હવે એકજ વાત આપને જણાવવાની છે. કોન્ફરન્સમાં આપણે આપણી કોમના હિતના અને ઉદયના વિચારો કરીએ છીએ. પરંતુ તે વિચારો કરતી વખતે આપણે એ પણ ભૂલવું નહિ જોઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, આપણે જૈન કોમના બીજા ભાઈ જેવી રીતે હુન્નરોને સ્હેવાનું છે, તેમજ હિંદુસ્તાનના વતની તરીકે આપણે અનેક ફરજો બજાવવાની છે, તેમ અનેક હક્કો મેળવવાના છે. જૈન કોમ સમસ્તના હિત માટે કામ કરનાર જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા, ભારત જૈન મહામંડળ વિગેરે સંસ્થાઓ આપણે અહીં સ્થપાયેલી છે. એ સંસ્થાઓની સાથે રહીને પણ આપણે કામ કરવાનું છે, અને તેમના કામમાં મદદ કરવાની છે. આપણે ભૂલવું નહિ જોઈએ કે આપણે આગળા બાગવાન મહાવીરસ્વામીના પુત્રો છીએ. અને કેટલાક મતમતાંતરો ન ગણીએ તો આપણાં બધાંની માન્યતા એકજ છે. મોક્ષપ્રાપ્તિ એજ સૌનો અંતિમ સાધ્ય હેતુ છે, માટે બંધુભાવની વિશાળ ભાવના સાથે, આપણે એઓની સાથે મળીને જૈન કોમનું હિત કરવાના પ્રયત્નો સેવવા જોઈએ.

**ઉપસંહાર.** ૨૭. છેવટે આપ સૌને એકજ વિનંતિ કરવાની રહે છે કે આ કોન્ફરન્સનો હેતુ અને ઉદ્દેશ પાર પાડવા માટે આપણે ઘણુંજ કરવાનું છે. સેંકડો વર્ષથી આપણે કજીયા કંકાસ કરીએ છીએ, અને અંતે આપણે નબળા પડતા જઈએ છીએ. હવે આપણે આપણા વિચાર અને દ્રષ્ટિ વિશાળ કરવાં જોઇએ, અને નાની નાની બાબતો તરફ દુર્લક્ષ કરીને મૂળ સિદ્ધાંત અને ખાસ ઉપયોગી બાબતો ઉપરજ લક્ષ રાખી કામ કર્યાં જવું જોઇએ. સંપ અને સમૂહબળના અભાવે કોમ આગળ વધી શકતી નથી; તેની શારીરિક સ્થિતિ સુધરી શકતી નથી, તેનો વેપારવણજ આગળ વધી શકતો નથી, આપણા ધર્મનાં અમૂલ્ય સિદ્ધાંતો ચારે દિશાએ પ્રવર્તાવી શકાતાં નથી, અને કોમની ઉન્નતિમાં દરેક વખતે આડે આવતા હાનિકારક રિવાજો દૂર કરી શકાતા નથી. માટે હવે આપણું શ્રેય શામાં રહેલું છે, તે આપણે બરોબર સમજવું જોઇએ અને નજીવી બાબતોમાં મતભેદ પડતાં, ઉત્તમ વસ્તુઓનો નાશ કરવા તૈયાર થઇએ છીએ. તેમ ન કરતા મોટું મન રાખી એકજ ઉદ્દેશથી કામ કરવું જોઇએ.

આપણો સમાજ ધાર્મિક, સામાજિક, આર્થિક અને શારીરિક બાબતોમાં આગળ વધે, તે કુસંપ હલકા ખાળતો અને સંપીલો થાય, તેની દરેક વ્યક્તિ પ્રથમ માણસ તરીકે અને પછી જૈન તરીકેની ફરજો બરાબર સમજીને અદા કરવા શક્તિવાન્ થાય, અને અંતમાં આ ભવ અને પરભવ સુધારવા સમજપૂર્વક તત્પર થાય, એ સ્થિતિએ પહોંચે એ આંતરિક અભિલાષાઓ પરિપૂર્ણ થાઓ એવી મારી પ્રાર્થના છે.

બન્ધુઓ ! દ્રઢતા અને સંપથી કામ કરવામાં આવે તો ગમે તેવી મુશ્કેલી છતાં આપણે આપણું ધારેલું કાર્ય સિદ્ધ કરી શકીશું. મને ખાત્રી છે કે આપણે આરંભેલું કાર્ય કોમ અને દેશહિતનું હોઇ અફસપણે કર્યાં જઇશું તો જરૂર ફળીભૂત કરી શકીશું. વિલંબ લાગે તો હરકત નહિ. પ્રયત્ન કરો અને આખરે વિજય પામશો. તથાસ્તુ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક વિદ્વાન મુનિની પડેલી ખોટ.

## મુનિરાજ શ્રી સિંહવિજયજીનો સ્વર્ગવાસ.

આ મુનિરાજે ચૈત્ર શુદિ ૧ ને ગોધાવી ગામે બે વર્ષના ક્ષય રોગને પરિણામે આ અસાર દેહનો ત્યાગ કર્યો છે, તેઓ સાહેબનો જન્મ સંવત ૧૯૩૭માં થયો હતો, સંવત ૧૯૫૭ માં ચતુર્થવ્રત અંગિકાર કર્યું હતું, અને સંવત ૧૯૬૩ માં શ્રી વિજયનેમસૂરિ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું હતું, તેમનો વૈરાગ્ય ઉત્તમ હતો, બુદ્ધિ પ્રતિભાશાળી હતી, સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું, જૈન સૂત્રોની ટીકાઓ, પ્રકરણો અને ગ્રંથોનો પણ સારો અભ્યાસ કર્યો હતો. માંદગીના વખતમાં પણ અભ્યાસ ચાલુ રહેતો, મુનિરાજ શ્રી ઉ. ક્તિવિજયજી કે જેઓ તેમના સાંસારિકપણામાં ભાઈ હતા, અને હાલ ગુરૂભાઈ હતા, તેમણે તેમની વૈયાવચ્ચ બહુ સારી રીતે કરી હતી, પરંતુ કાળની અતિ દુરતિક્રમ છે, તેની પાસે પ્રાણી માત્ર નિરૂપાય છે, આવા ઉત્તમ મુનિનો અભાવ થવાથી મુનિવર્ગમાં ખામી પડી છે.

## એક ઉત્તમ સભાસદનું ખેદકારક મૃત્યુ.

## (કપડવંજ નિવાસી પરી. બાલાભાઈ દલસુખભાઈ.)

આ જૈન કોમમાં પ્રસિદ્ધિ પામેલા, શાંત, સદ્‌ગુણી અને વિવેકી બંધુનો ચૈત્ર શુદિ ૫ ને દિવસે અભાવ થયો છે, એઓ ઘણા ધાર્મિક ખાતાઓ ચલાવતા હતા, આ અમારી સભાના લાઈફ મેમ્બર હતા, કપડવંજ ખાતે મુનિભક્તિમાં અને સ્વામીભાઈઓની સેવા સેવામાં અદ્વિતીય હતા, શરીરે બહુ વખતથી નરમ રહેતા હતા, તેમનો જન્મ સંવત ૧૯૨૦ માં થયેલો હોવાથી તેમનું વય પર વર્ષનું થયેલ હતું, ઘણા વખતથી બ્રહ્મચર્ય ધારણ કર્યું હતું, તેમને સંતતીમાં માત્ર બે પુત્રીઓજ છે, પાછળ તેમજ એક વિધવાને તેઓ શોક નિમગ્ન કરી ગયા છે, પરંતુ અંત સમયસુધી તેમણે સમાધિ રહી છે. મુનિરાજનો યોગ તેમની ઈચ્છાનુસાર છેલી ઘડીસુધી રહ્યો. આ તેમની ખોટના મનુષ્યો બહુ વિરલ દૃષ્ટિએ પડે છે. અમે તેમના કુટુંબીઓને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ, અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## ભાવનગર ખાતે એક સભાસદનું મૃત્યુ.

શાહ આણંદજી ........ દ કે જેઓ જ્ઞાતિએ વીશાશ્રીમાળી હતા, વય ૪૬ ........ તેઓ માત્ર ૮-૧૦ દિવસના વ્યાધિમાં ચૈત્ર શુદિ ૨ ને દિવસે પંચત્વ પામ્યા છે. તેમની પાછળ એક બાળવિધવા ને લઘુ વયનો પુત્ર માત્ર છે, અમે તેમને દીલાસો આપીએ છીએ, અને તેના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને તરતમાં ભેટ તરીકે મોકલવાને મુકરર થયેલ બુકો ૪ ( શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત, શ્રી ગુણાદિકશના ભાષાંતર, શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર, તથા શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર) પૈકી ચોથી બુક છપાય છે [illegible] બુક બંધાય છે, તે તૈયાર થયેથી ચારે બુકો એક સાથે મોકલવામાં આવશે.

## વાર્ષિક મેમ્બરોને ભેટ.

આ સભાના વાર્ષિક મેમ્બરોને ભેટ તરીકે આપવાને મુકરર થયેલી ઉપર [illegible] બુકો ૪ પૈકી પ્રથમની બે બુકમાં બીજી બુક બંધાય છે. તે તૈયાર થયે [illegible] વી. પી. થી મોકલવામાં આવશે. [illegible] રાખવું.

## શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

પુસ્તક ૩૧-૩૨ ના ભેટ તરીકે ગુણાદિકશના ભાષાંતર અને પ્રિયંકર ચરિત્ર ભાષાંતર—આ બે બુકો આપવાનું મુકરર થયેલું છે. તે પૈકી બીજી બુક બંધાય છે; તે તૈયાર થયેથી પુસ્તક ૩૧--૩૨ ના લવાજમ ઉપરાંત પાછલા લવાજમ [illegible] (લેણું હશે તો) વી. પી. થી મોકલવામાં આવશે. ગ્રાહકોએ તરતજ તે વી.પી. નો સ્વીકાર કરીને એ બંને અપૂર્વ પુસ્તકોનો લાભ લેવો. વી.પી. પાછું ફેરવનારે લવાજમ તો આપવુંજ પડશે, પરંતુ પછીથી ભેટનો લાભ નહીં મળે.

## શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. અર્થ યુક્ત.

### ( ગુજરાતી. )

આ બુક અમારા તરફથી છપાયેલી નથી. બીજા કોઇએ છપાવેલ પણ તેની [illegible] નહીં ભરવાથી તમામ બુકો અમે ખરીદી લીધી છે, તેની અંદર કવચિત અશુદ્ધિ છે પરંતુ તે પાકા કપડા સાથેના શોભિતા બાઇંડીંગથી બંધાવી છે. કિંમતના પ્રમાણમાં બુક સારી છે. તેમાં કાગળો ગ્લેઝ અને રફ—બે જાતના વપરાયા છે. તેની કિંમત સામાન્ય ખરીદનાર વર્ગ માટે ગ્લેઝના છ આના ને રફના પાંચ આના રાખી છે. નિશાળો માટે કે ઇનામ માટે ખરીદનાર સારૂ ચાર આના ને સાડા ત્રણ આના રાખી છે. બહારગામવાળાઓએ પોસ્ટેજ દરેક બુકે અરધો આનો જૂદું ગણવું.

## રસિક સ્તવનાવળી.

( ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સઝાયો વિગેરેનો સંગ્રહ. )

કિંમત [illegible] બે આના. પોસ્ટેજ જુદું.

---

[illegible] છે. કિંમત [illegible].

For Private And Personal Use Only